જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

હનુમાન જયંતી ની હાર્દિક શુભકામનાએઁ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય - તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૯૩ જૂનાગઢ તા.૬-૪-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## તમામ વ્યાજદરો યથાવત : ડોલર સામે રૂપિયો તૂટયો

### રીઝર્વ બેંકે વ્યાજદરમાં વધારો નહી કરતા લોન ધારકોને રાહત : ક્રેડીટ પોલિસી જાહેર થવાની સાથે શેરબજારમાં ઉછાળો



નવી દિલ્હી તા. ૬ : ભારતીય રિઝર્વ બેંકે આજે જાહેર કરેલી ક્રેડિટ પોલીસીમાં વ્યાજદરો નહિ વધારીને લોકોને એક પ્રકારે અપેક્ષીત રાહત આપી છે. આજે સવારે રિઝર્વ બેંકના ગવર્નરે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વ્યાજદરોમાં વધારો નહિ કરવાનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે રેપો રેટ ૬.૫૦ ટકા યથાવત રાખ્યો છે. દરમિયાન ક્રેડિટપોલીસી જાહેર થતાં જ શેરબજાર ઉછળ્યું છે તો ડોલર સામે રૂપિયો તૂટીને ૮૨ ઉપર પહોંચી ગયો છે.

**RBI** મોનેટરી પોલિસી કમિટી એ પોલિસી રેપો રેટને ૬.૫૦ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો હતો અને અન્ય વ્યાજ રેટ પણ યથાવત રાખવામાં આવ્યા હતા. આરબીઆઈ ગવર્નરે એમ પણ કહ્યું કે આવાસ પાછું ખેંચવું અને રેપો રેટમાં વધારો ફક્ત આ બેઠક માટે જ થોભાવવામાં આવ્યો છે. આરબીઆઈએ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ અગાઉના ૬.૪ ટકાથી વધારીને ૬.૫ ટકા કર્યો છે. રિઝર્વ બેંકના ગવર્નરે જણાવ્યું હતું કે, ૨૦૨૪ માટે ફુગાવાનું અનુમાન ૫.૨ ટકા રાખવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે રિટેલ મોંઘવારી ડિસેમ્બર ૨૦૨૨થી વધી રહી છે. કોર મોંઘવારીનો દર હજુ ઉંચો છે.

છેલ્લા એક વર્ષમાં વ્યાજદરમાં ૨.૫૦%નો વધારો કરાયા બાદ રીઝર્વ બેંકે પ્રથમ વખત હવે ફુગાવા સામે હવે વિકાસને મહત્વ આપ્યું છે. છેલ્લા ત્રણ દિવસની બેઠક બાદ આજનો આ નિર્ણય સર્વાનુમતે લેવાયો હતો. શક્તિકાંતા દાસે જણાવ્યું હતું કે ભારતની બેન્કીંગ સ્થિતિ ખૂબ જ મજબૂત છે. તથા દેશમાં ૨૦૨૩ના નાણાકીય વર્ષમાં અનાજ ઉત્પાદનમાં ૬ ટકાનો વધારો નોંધાયો છે અને તેથી નાણાકીય વર્ષ ૨૦૨૪માં મોંઘવારીમાં થોડો ઘટાડો થશે તેવા અંદાજ છે તથા છૂટક મોંઘવારી દર ૫.૨ ટકા રહેશે. રીઝર્વ બેંકે હવે ૨૦૨૩-૨૪માં વૃદ્ધિ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. જો કે હાલમાં જ વિશ્વ બેંક દ્વારા ભારતનો વિકાસ દરનો અંદાજ ૬.૬ ટકા માંથી ઘટાડીને ૬.૩ ટકા કરાયો તે દબાણ પણ કામ કરી ગયું હોવાનો અંદાજ છે.

## મુંબઈ એરપોર્ટ ખાતેથી રૂા. ૨૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું : આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ

મુંબઈ, તા. ૬

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાંથી કોકેઈનની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સએ મુંબઈ એરપોર્ટ પર કરવામાં આવેલી કાર્યવાહીમાં લગભગ ૧૯૭૦ ગ્રામ કોકેઈન જપ્ત કર્યુ હતુ. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત આશરે ૨૦ કરોડ રૂપિયા છે.

આ મામલામાં એક આફ્રિકન વ્યક્તિ સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૩૫ વર્ષીય આરોપી એડીસ્ટ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો હતો. આ આરોપી તેની બેગમાં ૧૯૭૦ ગ્રામ કોકેઈન છુપાવીને લાવ્યો હતો. અધિકારીઓને આ મુસાફર પર શંકા હતી. આ પછી, તેના પર નજર રાખવામાં આવી અને સંપૂર્ણ પ્લાનિંગ સાથે તેને પકડીને ધરપકડ કરવામાં આવી.

સંબંધિત આરોપી મુંબઈ એરપોર્ટ પર તેના સાથીદારને આ કોકેઈન આપવાનો હતો. આરોપી તેના સહયોગીની મદદથી તેના ડ્રગના કધસાઈનમેન્ટને મુંબઈથી દેશના અન્ય ભાગોમાં ફેલાયેલા નેટવર્કમાં પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ યોજના સફળ થાય તે પહેલા જ ડીઆરઆઈના અધિકારીઓની કાર્યવાહીથી તેનો પર્દાફાશ થયો હતો અને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

## ડીઝીટલ ઈન્ફ્રાસ્ટ્રકચરથી ભારતનો અભૂતપૂર્વ વિકાસ થયો : આઈએમએફ






નવી દિલ્હી, તા. ૬ : આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં ભારત સરકારની ભરપેટ પ્રશંસા કરી છે.

**IMF**નું કહેવું છે કે ભારતે પોતાના ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધારે પોતાની વિકાસ યોજનાઓને શાનદાર રીતે વેગ આપ્યો છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે ભારતે જનકલ્યાણની અનેક યોજનાઓને દેશભરમાં પહોંચાડી છે.

**IMF**એ પોતાના એક અહેવાલમાં ભારત સરકારની પ્રશંસા કરતા કહ્યું કે ડિજીટલ ઈન્ફ્રાના વિકાસ તથા તેના આધારે ભારત સરકારે કોરોના જેવી વૈશ્વિક મહામારીની સ્થિતિમાં પણ પોતાની પ્રજાની પૂરી કાળજી રાખી છે. **IMF**એ પોતાના પેપરના માધ્યમથી વડાપ્રધાન જન ધન યોજનાની પણ ખૂબ જ પ્રશંસા કરી છે. પેપરમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન મોદીના વડપણ હેઠળ સરકારે મોબાઈલ ડેટાની કિંમતો પર નિયંત્રણ મુકવાનું કામ કરીને પ્રજાને ઈન્ટરનેટ સાથે જોડાયેલી રાખી છે. કારણ કે ૪-જી મોબાઈલનો ડેટા ૯૦ જેટલો સસ્તો કરવામાં આવ્યો છે.

આ સાથે **IMF**એ કહ્યું છે કે ડિજીટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આધારે જ ભારતે કોરોના મહામારીની સ્થિતિમાં પતાની ગરીબ પ્રજાની ખૂબ જ કાળજી રાખી છે. આ ઉપરાંત વેક્સિન પહોંચાડી છે. ભારત સરકારે કોવિડ એપ તૈયાર કરી. અને તેના મારફતે આદર્શ રીતે વેક્સિનનું વિતરણ કરવામાં આવ્યું. આટલી વિશાળ જનસંખ્યાને ઝડપભેર વેક્સિન પહોંચાડવાના પડકારજનક કાર્યને ભારત સરકારે ખૂબ જ સારી રીતે કરી દેખાડ્યું છે.

## હનુમાન જયંતિ નિમિતે સાળંગપુર ખાતે ભકતોનું ઘોડાપુર અમિત શાહે વિશાળ ભોજનાલયનું લોકાર્પણ કર્યુ



બોટાદ તા. ૬ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સાળંગપુરમાં પહોંચી ગયા છે અને તેમની સાથે જય શાહ પણ ઉપસ્થિત છે. હાલ અમિત શાહ અને જય શાહ દાદાની મૂર્તિની પૂજા વિધિ કરી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને મંદિર પરિસરમાં હાલ ભક્તોનો પ્રવેશ બંધ કરાયો છે. હનુમાન જંયતી નિમિતે શ્રી કષ્ભંજન દેવ સાળંગપુર ખાતે મોટી સંખ્યામાં લોકોનું માનવ મહેરામણ ઉમટ્યું છે. ગત મોડીરાત્રીથી જ ભક્તોએ દાદાના દર્શન મેળવવા લાંબી લાઈનો લગાવી હતી, તો બીજી તરફ અહિં દાદાની કિંગ ઓફ સાંળગપુરની મૂર્તીનું ગઈ કાલે અનાવરણ થઈ ગયા બાદ આજે વહેલી સવારથી જ અહીં આવતા શ્રદ્ધાળુંઓ તેની એક ઝલક મેળવવા ઉમટી પડ્યા છે. તો આજે દાદાનો ૬.૫૦ કરોડના સુવર્ણ વાઘાનો વિશેષ શણગાર કરાયો છે. હનુમાનજયંતિના પાવન અવસર પર આજે શ્રી કષ્ટભંજન દેવ સાળંગપુર ધામમાં વહેલી સવારથી જ લોકોની ભારે ભીડ ઉમટી છે. દાદાના શણગારથી લઈને તેમની એક ઝલક મેળવવા માટે શ્રદ્ધાળુઓએ વહેલી સવારથી જ લાઈનો લગાવી હતી. સાળંગપપુર ધામમાં છેલ્લા ૧૦૦ વર્ષથી અહી આવતા ભક્તોને ભોજન પ્રસાદીનો લાભ મળી રહે છે. ધીરે ધીરે અહીં આવતા શ્રદ્ધાળુંઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો હોવાથી અહીં ભવ્ય ભોજનાલયનું નિર્માણ કરાયું છે. ૫૫ કરેડના ખર્ચે તૈયાર થયેલા આ ભવ્ય ભોજનાલયનું લોકાર્પણ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે કર્યુ હતું. તો ભોજનાલયમાં હાઈટેક મેગા કિચન પણ તૈયાર કરાયું છે. જેમાં માત્ર ૨૦ મિનિટમાં જ હજ્જારો કિલો દાળ, ભાતથી લઈને શાક પણ તૈયાર થઈ જશે.

## તાજમહેલ અને કુતુબમિનાર ધ્વસ્ત કરી નાખો ભાજપનાં ધારાસભ્યએ માંગણી કરી

ગુવાહાટી, તા.૬: નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગના ધોરણ ૧૨ના ઈતિહાસના પુસ્તકમાંથી મુઘલ કાળના કેટલાક પ્રકરણો હટાવવા અંગેનો વિવાદ શમ્યો નથી ત્યાં આસામના ભાજપના ધારાસભ્ય રૂપજયોતિ કુર્મીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાજમહેલ તોડી પાડવાની અપીલ કરી હતી. તેઓએ કુતુબમિનારને પણ તોડીપાડવાની માંગ કરીને નવો વિવાદ સર્જ્યો છે

ભાજપના ધારાસભ્યની જાહેરાતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તે એ વાતની પણ તપાસની માંગ કરી રહ્યાં છે કે શું મુગલ બાદશાહ શાહજહાં ખરેખર તેની પત્ની મુમતાઝને પ્રેમ કરતાં હતા ! આસામના ભાજપના ધારાસભ્યએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મુઘલ યુગના આ બે સ્મારકોના સ્થળે મંદિર બનાવવાની પણ વિનંતી કરી છે. મરિયાણીના ધારાસભ્યએ એવી પણ જાહેરાત કરી હતી કે તેઓ મંદિરના નિર્માણ માટે એક વર્ષનો પગાર દાન કરવા તૈયાર છે. તેમણે કહ્યું, 'હું વડાપ્રધાનને તાજમહેલ અને કુતુબમિનારને તાત્કાલિક તોડી પાડવા વિનંતી કરું છું. આ બે સ્મારકોની જગ્યાએ દુનિયાના સૌથી સુંદર મંદિરો બનાવવા જોઈએ. તે બંને મંદિરોની સ્થાપત્ય એવી હોવી જોઈએ કે અન્ય કોઈ સ્મારક તેમની નજીક ન હોવું જોઈએ. તેમણે સવાલ કર્યો હતો કે ૧૭મી શતાબ્દીના રાજાએ મુમતાઝના મૃત્યુ પછી ત્રણ વખત લગ્ન કેમ કર્યા તાજમહાલને હિંદુ રાજવીઓની સંપત્તિથી બનાવાયો હતો.

## આજે ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ વડાપ્રધાને કાર્યકરોને સંબોધન કર્યુ

નવી દિલ્હી તા. ૬

આજે ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું, 'હું એવા મહાન લોકોના કાર્યકરો અને નેતાઓને નમન કરું છું જેમણે આજ સુધી પાર્ટીને પોષણ આપ્યું, સમૃદ્ધ કર્યુ અને સશક્ત કર્યું.' ભાજપની સ્થાપના ૪૩ વર્ષ પહેલાં ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ થઈ હતી.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સવારે દિલ્હીમાં ભાજપ હેડક્વાર્ટર ખાતે પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો હતો. લખનૌમાં પણ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પાર્ટી કાર્યાલય પર ધ્વજ ફરકાવ્યો હતો.

## ઈન્ડીયા જસ્ટીસ રીપોર્ટ : કર્ણાટકનો પ્રથમ ગુજરાતનો ચોથો નંબર

નવી દિલ્હી,તા. ૬ : ઈન્ડીયા જસ્ટીસ રિપોર્ટ ૨૦૨૨ મુજબ ન્યાય આપવાના મામલે એક કરોડથી વધુ વસ્તી ધરાવતાં ૧૮ મોટાં રાજયોમાં કર્ણાટકે ટોચનું સ્થાન મેળવ્યું છે જેમાં પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સલાહ જેવા ચાર મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં તામિલનાડુ બીજા અને તેલંગણા ત્રીજા સ્થાને છે. ઉત્તર પ્રદેશ સૌથી છેલ્લા એટલે કે ૧૮મા ક્રમાંકે છે. તા.૪ એપ્રિલે જાહેર કરાયેલા રિપોર્ટમાં ગુજરાતને ચોથો અને આંધ્ર પ્રદેશને પાંચમો ક્રમાંક મળ્યો છે. એક કરોડથી ઓછી વસ્તી ધરાવતાં સાત નાનાં રાજયોની યાદીમાં સિક્કિમ ટોચ પર હતું, જે ૨૦૨૦માં બીજા ક્રમે હતું. સિક્કિમ બાદ અરુણાચલ પ્રદેશ આવે છે. ત્રિપુરા ૨૦૨૦માં પ્રથમ ક્રમે હતું. આ યાદીમાં ગોવા સાતમા ક્રમાંકે હતું, જે સૌથી નીચે હતું. તાતા ટ્રસ્ટ દ્વારા ૨૦૧૯માં ઈનડિયા જસ્ટીસ રિપોર્ટની શરૂઆત થઈ હતી. આ રિપોર્ટ ૨૪ મહિનાના સંશોધન પર આધારિત છે.

### માવઠાએ ખેડૂતોને રાતા પાણીએ રોવડાવ્યા : ઉભા પાકનો નાશ

## શાકભાજી, ફળો, અનાજ, ખાદ્યતેલનાં ભાવમાં ભડકો : મોંઘવારીનું તાંડવ નૃત્ય

નવી દિલ્હી તા. ૬ : મોંઘવારીની અસર સામાન્ય માણસના ખિસ્સા પર વધી છે. કમોસમી વરસાદની અસર હવે શાકભાજી અને ફળોના ભાવમાં વધારાના રૂપમાં જોવા મળી રહી છે. વરસાદે લોકોનાં ખિસ્સા પરનો બોજ વધારી દીધો છે. કમોસમી વરસાદે પાકને બરબાદ કર્યો છે. ફળો અને શાકભાજીના ભાવ વધ્યા છે, પરંતુ વરસાદ તમને લાંબા સમય સુધી મોંઘવારીથી ભડકાવશે. આ વરસાદથી ખેડૂતો પરેશાન છે. ખેતરોમાં લદાયેલો પાક નાશ પામ્યો છે, સ્વાભાવિક છે કે તેની અસર અનાજના ભાવ પર થશે. ખેડૂતો માટે આફતરૂપ બન્યો છે. ખાસ કરીને ઉત્તર ભારતના ખેડૂતો માટે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, બિહાર જેવા રાજયોમાં વરસાદને કારણે પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. ખેતરોમાં પાક બરબાદ થઈ ગયો છે. વરસાદ અને કરાથી કેરી, કેવા, બટાટા, મોસમી ફળો અને શાકભાજીને ભારે નુકસાન થયું છે. ઘઉં, સરસવ, ચણા, વટાણા, મસૂર, જેવા કઠોળ અને તેલીબિયાંના પાકને મોટું નુકસાન થયું છે.

જૂનાગઢ બાયપાસ રોડ ઉપર
ઓપન રેસીડેન્સીયલ પ્લોટ્સ
આધુનિક સુવિધાઓ સાથે
વ્યાજબી ભાવ
સરળ હપ્તા
ઓછી કિંમતમાં ઘણું બધું, તો આજે જ બુક કરાવો




: સાઈટ :
જૂનાગઢ બાયપાસ રોડ, એકલવ્ય ગ્લોબલ સ્કુલ સામે, સરગવાડા ચોકડી, જૂનાગઢ
બુકીંગ : ૯૮૨૫૩ ૩૩૩૭૦ ૯૯૧૩૩ ૯૫૨૦૦
The Dream City
: ડેવલોપર્સ :
મધુરમ કન્સ્ટ્રકશન કાં.
૪થો માળ, ધી ગાર્ડન આઈકોન, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકિટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકિટ
By Air 27000 Day-6
35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકિટ
35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર શ્રીનગર-વૈ. દેવી
GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો
વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

લક્ઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે
અદ્યતન ફીક્સ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરાભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધ્યાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

જય દ્વારકાધીશ
ગજાનન ઈલેક્ટ્રોનિક & મોબાઈલ એસેસરીઝ
એડ્રેસ : જુના નાગરવાડા, અનંત ધર્માલયના ગેઈટની સામે, જુનાગઢ.
મો. 84908 10111, 74338 80999, 96646 58510
ગજાનન ગ્રુપ લક્કી ડ્રો યોજના
32" LED TV Smart Frameless દરેક સભ્યને મળશે.



યોજના 1
પ્રથમ ડ્રો 15-04-23
સભ્ય ફી રૂા.51
માસીક હપ્તો રૂા.1000
કુલ હપ્તા 12
સભ્ય સંખ્યા 251

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# આજે ૬ એપ્રિલ : ભાજપનો ૪૪મો સ્થાપના દિન

## રાષ્ટ્રવાદની ભાવના સાથે ભારતીય જનતા પાર્ટીમા એક સૈનીક તરીકે સેવા કરી રહ્યો છુ તેનો મને આનંદ છે : પુનિત શર્મા






ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિને આનંદ અને ગૌરવની લાગણી સાથે સહુને શુભેચ્છા પાઠવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી ૪૩ વર્ષના યૌવનનો પરાક્રમસભર તરવરાટ અને પરીપકવ વિચારધારા ધરાવે છે. જેને હૈયે હંમેશા દેશનું હિત રયું છે. એવી ભારતીય જનતા પાર્ટીને ભારતની પ્રજાએ હોંશભેર આવકારી છે. સખત સંઘર્ષ અને સતત પરિશ્રમ જેના પાયામાં છે. આજ ભાજપ છેલ્લા ૪૩ વર્ષોમાં કળીમાંથી ફુલ અને ફુલમાથી આખું ઉપવન બની ગયુ છે. ભાજપની શાખાઓ પણ હવે ચોમેર વિસ્તરી છે. ભાજપાપાસે દેશપ્રેમની વિચારધારા છે તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની નિષ્ઠા છે. સ્પષ્ટ નીતિ અને અડીખમ સંકલ્પો છે. શ્રેષ્ઠતમ નાગરિકોની બનેલી ભારતીય જનતા પાર્ટી પાસે મૂલ્યનિષ્ઠ રાજનેતાઓની મોટી શ્રૃંખલા છે તો કર્મઠ અને નિષ્ઠાવાન કાર્યકર્તાની લાંબી હરોળ છે. લોકતંત્ર પ્રત્યે નિષ્ઠા અને સકારાત્મક પંથનિરપેક્ષતા એ ભાજપાની પંચનિષ્ઠાઓની મહત્વની નિષ્ઠાઓ છે. દેશમાં જ નહિ દુનિયામાં પણ એકમાત્ર ભાજપ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે. ભાજપાની મૂડી એમના કાર્યકર્તાઓ છે. સક્ષમ, ત્યાગી, મૂલ્યનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ ભાજપની ઓળખ છે. કાર્યકર્તાઓની તાકાત અને તપસ્યાના કારણે ભાજપ આજે સફળતાના શિખરે બિરાજમાન છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિજય બાદ પોતાના ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના લક્ષાવધિ સંનિષ્ઠ કાર્યકર્તાઓના પુરુષાર્થ, સમર્પણ, તપ,ત્યાગ અને સંકલ્પનું જ આ યશસ્વી પરિણામ છે. વિશ્વમાં ભારત જ એક મહાન અને પ્રાચીન દેશ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગિરનારથી આસામની ઘાટીઓ સુધીની પ્રચંડ-પ્રાકૃતિક ભૂગોળવિશ્વના નકશામાં શોધવી મુશ્કેલ છે. એટલે જ તો કોઈએ તેને 'સોનાની ચીડિયા'નો દેશ તો કોઈએ 'વિશ્વગુરુ'ની ઉપાધિથી નવાજયો છે. આ ભવ્યતમ દેશની પ્રાચીન સંસ્કૃતિ પર સદ્ભાવ અને સંસ્કારની પવિત્ર ગંગાનો આવિર્ભાવ છે, તનો ઈતિહાસ પણ વીર-પુરૂષોનાં બલિદાનો અને શૌર્ય-પરાક્રમોથી ભરેલો છે. પરંતુ આટલો શકિતશાળી દેશ પણ અનેકવાર વિદેશી આક્રમણોથી કચડાતો રહ્યો અને આક્રમણોનો સામનો કરતો રહ્યો. અંગ્રેજોએ પોતાની 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિથી કહેવાતા રાજકીય નેતાઓને કૂપમંડૂકની સ્થિતીમાં મૂકી આ દેશ પર શાસન કર્યું.

ઉપરોકત ઘટનાક્રમમાં ૧૯૦૬માં ઢાકામાં મુસ્લિમ લીગની સ્થાપના થઈ તે સાથે બહુમતી હિંદુઓના હકકોને સુરક્ષિત રાખવા તથા તેમના સ્વમાન અને આત્માગૌરવને જાળવવા ૧૯૦૭માં હિન્દુ મહાસભાની સ્થાપના થઈ. ૧૯૨૫માં ડો.હેડવારજીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંધની સ્થાપના કરી. આ સંગઠનો સ્થાપવાનો હેતુ પદ, પૈસા, સત્તા કે પ્રસિદ્ધિથી ઉપર ઊઠીને માત્ર રાષ્ટ્રની ઉદાત્ત ભાવના પરિપૂર્ણ કરવા માટેનો હતો. ૧૯૪૮માં મહાત્મા ગાંધીજીની હત્યાના સંદર્ભમાં રા. સ્વ સંધ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જુલાઈ ૧૯૪૯માં આ પ્રતિબંધ દૂર થયો. પ્રતિબંધ દૂર થયા પછી ત્રણ માસમાં કોંગ્રેસે સંધના સ્વયંસેવકોને કોંગ્રેસમાં પ્રવેશ આપવા સંબંધે ઠરાવ કર્યો, પરંતુ થોડા દિવસોમાં જ આ ઠરાવ પાછો ખેંચી લીધો. આથી ડો. શ્યામાપ્રસાદ મુખર્જીન એક રાજકીય પક્ષની જરૂરિયાત જણાતાં તેમણે ૨૧ ઓકટોબર ૧૯૫૧ના રોજ ભારતીય જનસંધ નામના રાજકીય પક્ષની સ્થાપના કરી. જનસંઘે અનેક કસાયેલા કાર્યકરોને જનસંધના સંગઠનની મહત્વની જવાબદારી સોંપી. સંઘે જનસંધને અટલબિહારી વાજપાઈ, નાનાજી દેશમુખ, પંડિત દીનદયાળઉપાધ્યાય જેવા સમર્થ કાર્યકરો આપ્યા, જેના કારણે જનસંઘનું રાષ્ટ્રવ્યાપી સંગઠન ખૂબ મજબૂત થયું. જનસંધ સંગઠનની બાબતે રાષ્ટ્રભરમાં ફેલાઈ ગયો. કાશ્મીર મુદ્દે પણ જબ્બર આંદોલન ચલાવ્યું. જનસંધની રાષ્ટ્રવાદી પક્ષ તરીકેની છાપ પણ ઊપસી.

આ પાર્ટીના સિદ્ધાંતો સ્વામી દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, અરવિંદ ઘોષ, લોકમાન્ય તિલક, સુભાષચંદ્ર બોઝ અને વીર સાવરકરના વિચારોની જેમ હિન્દુ રાષ્ટ્રીય અસ્મિતા પર નિર્ભર હતા. જનસંધના વિચારમાંહિન્દુ એ માત્ર એક ધર્મ વિશેષ ન રહેતાં કેટલાય ધર્મ, જાતિઓ, વર્ગો કે ભાષાઓનાં સમૂહનો એક સંગમ એવો ઉદાત્ત ખ્યાલ બન્યો. એની આર્થિક નીતિનો આધાર પડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો 'એકાત્મ માનવવાદ' સિદ્ધાંત બન્યો. ૧૯૬૭માં ચોથી લોકસભાની ચૂંટણીમાં પહોંચતા એક શકિતશાળી સંગઠનના રૂપમાં પ્રગટ થયો. ૧૯૮૦માં સ્થાપેલી ભારતીય જનતા પાર્ટીએ તેના 'જન્મ'થી જ અંત્યોદય અને રાષ્ટ્રપ્રેમ આધારીત સામાજીક-આર્થિક આદર્શો અને હિન્દુત્વ ઉપર આધારીતવિચારધારા અપનાવી છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંધ જેવી હિન્દુત્વ પર આધારીત વિચારધારાવાળી સંસ્થાઓએ તેના મૂળિયા સિંચ્યા છે. ભાજપનો ઈતિહાસ તપાસવો હોય તો છેક ૧૯૫૧ સુધી નજર દોડાવવી પડે કેમકે આ જ વર્ષમાં બંગાળના ક્રાંતીકારી લોકનેતા ડો.શ્યામાપ્રસાદ મુખર્જીએ ભારતીય જનસંધની સ્થાપના કરેલી. 'સંધ'ની વિચારધારામાંથી પ્રેરણા મેળવીને સંધ પરિવારનું મહત્વ વૈચારિક બળ બની રહ્યો ત્યાર પછીના જ વર્ષે શેખ અબ્દુલાની કપટનીતીના કારણે ડો.શ્માયપ્રસાદ મુખર્જીએ કાશ્મીર જેલમાં દમ તોડી દીધો. ત્યાર પછી પણ ૨૪ વર્ષ સુધી ભારતીય જનસંધ દેશની રાજનીતિમાં મહત્વના મુખ્ય રાષ્ટ્રીય પક્ષ તરીકે કાર્યશીલ રહયો, પણ સંસદ તો શું નાના રાજયોમાં મુઠ્ઠીભર લોકસ્વીકૃતીને બાદ કરતાં સંસંદમાં નોંધપાત્ર બેઠકો મળી ન શકી. પણ હા, એ દિવસોમાં શ્રી અટલ બિહારી વાજપેયજી તથા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી, સુંદરસિંહજી ભંડારી, ડો.ભાઈ મહાવીર, નાનાજી દેશમુખજેવા નેતાઓ, કાર્યકર્તાઓએ પક્ષને સક્રિય રાખ્યો, તેનું અસ્તિત્વ ટકાવી રાખ્યું. ૧૯૭૫મા ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદીને સત્તાનો દુરઉપયોગ કરવો શરૂ કર્યો ત્યારે ભારતીય જનસંધે અન્ય પક્ષોના ગઠબંધન થકી તેનો પ્રચંડ વિરોધ શરૂ કર્યો.

જનસંધ અને સંધ પરિવારના અનેક નેતાઓને જલવાસ વેઠવો પડયો. પરંતુ ૧૯૭૭માં ઈન્દિરા ગાંધીએ ચૂંટણીની પહેલ કરી ત્યારે ભારતીયજનસંધે અને સંઘ પરિવારે તેની તમામ તાકાત કામે લગાડી દીધી. સબળ વિરોધપક્ષની ભુમિકા માટે જે પ્રયાસો આદર્યા એમાંથી ભારતીય જનતા પાર્ટીના બીજ નંખાયા. ચૂંટણીમાં કોંગ્રેસને ધોબીપછાડ આપી જનતા પાર્ટીએ મોરારજી દેસાઈની આગેવાનીમાં સરકાર રચી. શ્રી અટલજી તેના વિદેશપ્રધાન અને લાલકૃષ્ણ અડવાણીજી માહિતી અને પ્રસારણ મંત્રી બન્યા. આ તો હજુ શરૂઆત હતી, પરંતુ જનતાદળમા રહેલા ભાગલાવાદી પરિબળોએ બેવડા સભ્યપદના મુદ્દે વિવાદ ઉભો કરતા જનસંધ સત્તા કરતાં સિધ્ધાંતોને વહાલા કરી જનતા દળની સરકારમાંથી છુટો પડયો.

૬ એપ્રિલ ૧૯૮૦ના દિવસે વિધીવત રીતે મુંબઈમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઈ અને અટલબિહારી વાજપયી ભારતીય જનતા પાર્ટીના પ્રથમ અધ્યક્ષ બન્યા. ૨૮ ડિસેમ્બર, ૧૯૮૦ બાન્દ્રા પાસે સાગરતટ પાસે માનવમેદની ઊમટી પડી હતી. ત્યાં હંગામી ધોરણે સ્થાપિત સમતાનગરમાં ૬ઠ્ઠો એપ્રિલમાં જન્મેલા નવજાત રાજકીય પક્ષ ભારતીય જનતા પાર્ટીનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન યોજાઈ રહ્યું હતું. તેના વિશિષ્ટ અનેભવ્ય મંચ વચ્ચો વચ્ચ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ મોહમ્મદ કરીમ ચાગલા બેઠા હતા. વાજપેયીજીની અતિ ગંભીર વાણીમાં કરાયેલા રાષ્ટ્રવાદી આહ્વાનને કાર્યકરોએ ટેકો આપ્યો. તેમણે સવા કલાક પ્રવચન કર્યુ જેમાં ૨૨ વખત તાળીઓ પડી હતી. તેમાં અગત્યનો હતો વાતાવરણ વ્યાપ્ત સંકલ્પ. ગમે તે થાય, ગમે તે કિંમત ચૂકવવી પડે, પણ ભાજપ રાષ્ટ્રસુરક્ષા, સંસ્કૃતિ અને સમાજ આ માટે કોઈ બાંધછોડ નહીં કરે એવું નકકી થયું. જનતા પાર્ટી છોડી નવો પક્ષ બનાવવાનો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો, કારણ કે પાર્ટીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંધ અને તેના દ્વારા પ્રસરેલ વિચારધારાને કયારેય નહીં છોડવાનો નિર્ણય લીધો હતો. આ વિચારધારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની હતી. તેમની આ વિચારધારાની અભિવ્યકિત ૧૯૫૧માં ભારતીય જનસંધની સ્થાપના સ્વરૂપે થઈ. કટોકટીમાં ૧૯માસ જેલવાસ સહન કર્યા બાદ ભારતીય લોકતાંત્રિક પક્ષોએ જનતા પાર્ટી બનાવી. જનસંધનો તેમાં વિલય થયો.જનતા પાર્ટીએ ૧૯૭૭ની ચૂટણીમાં ઈન્દિરાજીની તાનાશાહીને હટાવી મોરારજીભાઈ દેસાઈના નેતૃત્વમાં સરકાર બની પણ અઢી જ વર્ષમાં આ પ્રયોગ સમાજવાદી વૈચારિક અસ્પૃશ્યતા અને આંતરિક જૂથબંધીને કારણે હચમચી ઊઠયો. એકમો છૂટા પડયા. મધુ લિમયે દ્વારા પૂર્વ જનસંધ સભ્યોના રાષ્ટ્રીય સ્વયંસેવક સંધ સાથેના સંબંધો અંગે બેવડા સભ્યપદની વાત કરી અને જનતા પાર્ટી તૂટી ગઈ. કમળના પ્રતીક સાથે ભાજપનો ઉદય થયો. ૧૯૮૪ની લોકસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસે જબ્બર જીત મેળવી અને સરકાર રચી. એ વર્ષે ભાજપને ફાળે ૫૪૩માંથી માત્ર બે જ બેઠકો આવેલી. પરંતુ માત્ર ૪ જ વર્ષના ગાળામાં ભાજપે ૮૮ સીટ કબ્જે કરી લીધી. દેશના હિતમાં પક્ષહિતને ગૌણ ગણી વી.પી.સિંધના વડપણ હેઠળની જનતાદળ સરકારને ટેકો આપ્યો. પણ માત્ર બે જ વર્ષ કરતા પણ ઓછા ગાળામાં એ સરકાર પડી ભાગી. ૧૯૯૧ની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા વિરોધ પક્ષ તરીકે ઉભરી આવ્યો. કોંગ્રેસને ગઠબંધન સરકાર ચલાવવી પડી. પરંતુ ૧૯૯૬માં ભાજપ માટે ઐતિહાસિક ધડી આવી. કોંગ્રેસને "કરારી હાર" આપી સૌથી મોટા પક્ષ તરીકે રાષ્ટ્રપતિ ડો.શંકરદયાલ શર્માએ અટલ બિહારી વાજપેયીને સરકાર રચવા આમત્રણ આપ્યું. કમભાગ્યે માત્ર ૧૩ જ દિવસના ગાળામાં વાજપેયીજીને રાજીનામું આપી દેવું પડયું. ૧૯૯૮માં ફરી ચૂંટણી આવી. ફરી ભાજપ જીત્યું અને ફરી વાજપેયીજીના વડાપ્રધાન પદે આ સરકારે પૂરા પાંચ વર્ષ શાસન ચલાવી બતાવ્યું. વિચાર કરો ૧૯૮૪માં લોકસભામાં માત્ર ૨ જ સીટ મેળવીને ૧૯૯૮માં સરકાર રચી દીધી લોકસ્વીકૃતીનો આનાથી મોટો પુરાવો બીજો કયો હોઈ શકે ? ભાજપ માટે એટલે જ એમ કહેવાય છે કે, એ લોકો માટે, લોકો દ્વારા, અને લોકોની પાર્ટી છે. ભાજપના દરેક નેતા તેના કાર્યકર છે અને કાર્યકર પણ અહી નેતા છે. ડો.શ્યામપ્રસાદ મુખર્જી અને પં.દીનદયાલ ઉપાધ્યાયજી આ બન્ને દિગ્ગજોના માર્ગદર્શન હેઠળ ઉદય પામેલા આ પક્ષની વિચારધારા પ્રથમથી જ સ્પષ્ટ રહી છે. જમીનદારી-જાગીરદારી, પરવાના પ્રથાનો આકરો વિરોધ જે કોઈ પક્ષ ન કરી શકયો, તે ભાજપે કર્યો. કોઈપણ દંભવિના, નિર્ભિક રીતે ૧૯૬૨માં ચીન અને ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુધ્ધે સંધ પરિવારને તદ્દન લોકોની વચ્ચે જ લાવી દીધો. વિચારોમાં તાજગી અને તેમ છતાં ભારતીય સંસ્કૃતિનું જતન કરવાની સંતુલિત દ્રષ્ટિ નિહાળીને જનરલ કુલવંત સિંહ બોલી ઉઠયા કે પંજાબ એ ભારતનો તલવાર ધારી હાથ છે પણ પંજાબનો તલવાર ધારી હાથ તો આર.એસ.એસ. જ છે. લોકોની સમસ્યાઓને વાચા આપવામાં ભાજપે કદી ઉદાસીનતા દાખવી નથી.પજાના કાર્યોમાં ભાજપે સતત તત્પરતા બતાવી છે કેમકે, લોકો માટે ચાલતી લોકોની પાર્ટી છે, તેનો અહેસાસ ભારતમાં વસતા કોઈપણ નાગરિકને થાય તેવા તેના સતત પ્રયત્નો છે. અટલ બિહારી વાજપેયીજી અને લાલકૃષ્ણ અડવાણીજી જેવા રાષ્ટ્રીય કક્ષાના નેતાઓએ આ પક્ષ માટે જીવન આખું સમર્પિત કરી દીધું છે.અરે અટલજીની નવીસવી યુવાનીમાં જ તેમનું તેજ પારખી ગયેલા ખુદ કોંગી વડાપ્રધાન નહેરૂજીએ કહેલું કેઆ છોકરો એક દિવસ ભારતનો વડાપ્રધાન થશે.એમની એ વાણી ખરી પડી.


ભારતીય જનતા પાર્ટીએ તેના શાસનકાળ દરમ્યાન અણુ કાર્યક્રમને આગળ ધપાવ્યો પોખરણના અણુ ધડાકા જગત આખાએ જોયા. એવી હિંમત ભાજપ જ બતાવી શકે. તો આંતકવાદને નાથવા 'પોટા' કાયદો પણ ભાજપના જ શાસનમાં તૈયાર થયો. હા, આઝાદી પછીની સૌથી મોટી એવી ૨૦૦1 ની ધરતીકંપની ગોઝારી દુર્ધટનામાં પણ ભાજપે સ્વસ્થતા ગુમાવ્યા વગર નિષ્ઠાપુર્વક કામગીરી બજાવી.અસરગ્રસ્તોનુંપુનઃવસન કર્યુ, કેન્દ્ર અને રાજયમાં ભાજપનીસરકારે દિવસ—રાત જોયા વગર કામ કર્યું. કોંગ્રેસે જે પડકારોનો ૫૦ વર્ષમાં સામનો નથી કર્યો તે પડકારોનો સામનો ભાજપે પાંચ જ વર્ષમાં સફળતાપૂર્વક કરી બતાવ્યો. આમ છતાં તે લોકોથી દુર થયો નથી. ઉલ્ટાનો વધુ નજીક આવ્યો છે અને તની ગવાહી પુરે છે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અનેરાજયોની ભાજપસરકારી. ૧૯૫૨માં પ્રથમ લોકસભામાં જનસંધની ત્રણ બેઠકો આવી ત્યારે નહેરુ બોલી ઊઠયા હતા કે, 'આઈ શેલ ક્રશ જનસંઘ' (હું જનસંધને કચડી નાખીશ). પ્રત્યુત્તરમાં ડો.શ્યામાપ્રસાદજી બોલ્યા હતા કે, 'વીવીલ ક્રશયોર ક્રશિંગમેન્ટાલિટી' (અમે તમારો વિધ્વંસક વૃત્તિનો વિનાશ કરીશું). કાશ્મીર મુદ્દે દેશભરમાં આંદોલન ચલાવનાર જનસંધ લોકોમાં લોકપ્રિય થવા લાગ્યો. 'એક નિશાન, એક પ્રધાન અને એક વિધાન' ના સૂત્ર સાથે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીએ શ્રીનગરમાં સત્યાગ્રહ કર્યો અને ૧૯૫૩માં તમનું શંકાસ્પદ અવસ્થામાં અવસાન થયું. કાશ્મીર મુદ્દે દેશભરમાં પ્રથમ શહીદી વહોરનાર ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના રકતથી સિંચાયેલ જનસંધનું બીજ આજે ભાજપાના સ્વરૂપમાં વટવૃક્ષ બની સમગ્ર દેશમાં ફેલાયેલું છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ૨૦૧૫ માં કરવામાં આવેલ " સદસ્યતા અભિયાન" ને અભૂતપૂર્વ સફળતા મળી તથા સદસ્યોની સંખ્યાની દ્રષ્ટિએ ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી મોટી પાર્ટી બની. સમગ્ર રાષ્ટ્રમાં ૧૧ કરોડ કરતા વધારે તથા ગુજરાતમાં ૧.૧૫ કરોડ કરતા પણ વધારે સદસ્યો નોંધી ભારતીય જનતા પાર્ટીની યશકલગીમાં એક મોરપીછ ઉમેરાયું. કાર્યકર્તાઓની મહેનત રંગ લાવી. છેલ્લા નવ વર્ષથી એટલે કે ૨૦૧૪ થી દેશને એક સમર્થ નેતૃત્વ મળ્યું છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને સમર્થ નેતૃત્વ પૂરૂં પાડી રહયા છે.તેમના નેતૃત્વમાં ભારતે સમગ્ર વિશ્વમાં પોતાની આગવી પ્રતિભા ઉભી કરી છે. આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપવામાં આવી રહયો છે. સર્જીકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈક જેવા હિંમતવાન પગલા દેશની સરકાર લઈ રહી છે. દેશમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએનવા આયામો દ્વારા એક નવું જ હકારાત્મક વાતાવરણ ઉભું કર્યુ છે. વિદેશ નીતિમાં ભારતીય જનતા પાર્ટીની સરકારને મળેલી સફળતા અભૂતપૂર્વ છે ત્યારે દેશમાં શ્રી નેરેન્દ્રભાઈ મોદી તથા શ્રી અમિતભાઈ શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાજીની અને ગુજરાતમા

ભુપેન્દ્રભાઈ પટેલ તથા સી.આર.પાટીલ સાહેબના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી મજબૂત બની રહી છે જે ખૂબ જ નોંધનીય બાબત છે. ૨૦૧૯મા બીજી વખત નરેન્દ્રભાઈ મોદીના નેતત્વમા દેશમા ભારતીય જનતા પાટી અન સાથી પક્ષોની સરકાર બન્યા પછી દશમા કેટલાક ઐતિહાસિક નિર્ણયોપણ લેવાયા.... ૩૭૦ની કલમની નાબુદી, ત્રિપલ તલાક નાબુદીનો કાયદો, સુપિમ કોર્ટના ચુકાદા બાદ અયોધ્યામા ભવ્ય રામમંદિર નિમાણની પ્રક્રિયા શરૂ થઈ છે. કોરોનાની મહામારીમા પણ ભારતીય જનતા પાટીના કાયકતાઓઅ જીવના જોખમ પણ સમાજ સેવા કરી છે તથા ભારત સરકાર દ્વારા કોરોના સામે રક્ષણ આપતી વેકસિન વિકસાવી વિશ્વનાઅનેક રાષ્ટ્રને વેકસિન પુરી પણ પાડી છે જે અભિનંદનને પાત્ર છે. ડીસેમ્બર ૨૦૨૨માં ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૫૬ બેઠકો જીતી ઈતિહાસ રચ્યો છે જે ભારતીય જનતા પાર્ટીની વિચારધારાના કારણે તથા ભારતીય જનતા પાર્ટીના સમર્થ નેતૃત્વના કારણે શકય બન્યું છે. ભારતીય જનતા પાર્ટીના ૪૪મા સ્થાપના દિન નિમીતે જુનાગઢ મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ શર્મા, મહામંત્રી ભરતભાઈ શીંગાળા તથા સંજયભાઈ મણવર વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભાજપાના સર્વે કર્મનિષ્ઠ કાર્યકરોને હાર્દીક શુભકામના પાઠવે છે.

**આલેખન : પુનિત શર્મા**
**(પ્રમુખ શહેર ભાજપ)**

## મેંદરડા તાલુકાના અરણીયા ગામે પીવાના પાણીનો પ્રશ્ન હલ થયો





મેંદરડા, તા.૬

મેંદરડા તાલુકાના અરણીયાળા ગામને પીવાના પાણીની જે વ્યવસ્થા ઉપલબ્ધ હતી તે વર્ષોથી ક્ષાર યુક્ત પાણી મળતું હતું જેમાં ગામ વર્તમાન સરપંચ ઠાકરશીભાઈ પઘડાર અને ગામના યુવા અગ્રણી પ્રભાતભાઈ બકોત્રાએ થોડા વખત પહેલા તાલુકા પંચાયતના પ્રમુખ વિનુભાઈ રાજાણી અને જિલ્લા પંચાયત પ્રમુખ મતિ શાન્તા બહેન ખટારિયાનેં રજૂઆત કરતા પીવાના પાણીની કાયમી સમસ્યાને ન્યાય મળતા ઉત્સાહની લાગણી ઉભી થઈ હતી. ગામથી આશરે ત્રણેકકિલો મીટર દૂર આવેલ સાબળી નદી ના કાંઠે પાતાળ કૂવો તૈયાર કરી પાઈપ લાઈન દ્વારા દરેક ઘરે નળ દ્વારા પીવા લાયક પાણી મળતા એ પાણીનું વૈદિક વિધીથી સ્વાગત કરવા એક કાર્યક્રમ નદીના કાંઠે સંપૂર્ણ પ્રાકૃતિક વાતાવરણમાં જ જિલ્લા પંચાયતના પ્રમુખ શાન્તાબેન ખટારિયા અને વસંતબેન બકુત્રાના વરદ હસ્તે ઈલે મોટર્સ સ્વીચ દ્વારા વોટર સપ્લાય ચાલુ કરવામાં આવેલ જેમાં શાસ્ત્રી પુષ્કર પુરોહિતએ મંત્રો દ્વારા 'વરૂણ પૂજન - દિપ પ્રાકટ્ય ઉપસ્થિત અન્ય અગ્રણીઓના હસ્તે પણ કરાઈ હતી. ગામથી ઘણે દૂર એક ટેકરી ઉપર મંડપ - માઈક ચા - પાણી પ્રસાદ નાસ્તો વિવિધની વ્યવસ્થા અંગે પ્રભાત બકોત્રા સહિત યુવાનોની ભારે જહેમત નોંધપાત્ર હતી. સાવજ દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન દિનેશભાઈ ખટારિયાએ " પ્રકૃતિ દ્વારા પ્રકૃતિ પૂજન " ની સરાહના કરી હતી. ન્યાય સમિતિના અધ્યક્ષ દિપકભાઈ મકવાણા, હમીરભાઈ માડમ, લખમણભાઈ હાજરી આપી હતી. ઉપરાંત પીવાના પાણીનો પ્રશ્ન હલ થતા ગ્રામજનોએ હાજર રહી ઉત્સાહ પૂર્વક મહેમાનોનું ઢોલ - શહનાઈથી સ્વાગત થયું હતું.

### મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નના ઉકેલ માટે

## જૂનાગઢ તાલુકાનો (ગ્રામ્ય) સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ,તા.૬

મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી નજવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ તાલુકા(ગ્રામ્ય) માટે તા.૨૬/૦૪/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ તાલુકા શહેર કક્ષાના પ્રશ્નો/ ફરિયાદો તા.૧૦/૦૪/૨૦૨૩ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ(ગ્રામ્ય) ને પહોંચાડી આપવા સંબંધકર્તા લોકોને જણાવવામાં કરવામાં આવે છે. અરજીના મથાળે જૂનાગઢ (શહેર) તાલુકા માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે. મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન(ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા શહેરી વિસ્તારના પ્રશ્ન હોય તો સીટી તલાટીને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો શહેર કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે. આમ, આ પ્રકારની અરજીઓ રજૂ થઈ શકશે.

તેમજ મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆતવાળી અરજીઓ, એક કરતા વધુ વિભાગ/કચેરીના પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ-વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવાપાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન અને અગાઉના સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નોની અરજીઓ રજૂ થઈ શકશે નહીં. તેમ જૂનાગઢ (ગ્રામ્ય) મામલતદારની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતીય બેંકો - થાપણદારો માટે હાલ કોઈ ખતરો નથી

અમેરિકા અને યૂરોપીય બેંકોમાં ખાસ્સો તણાવ જોવા મળ્યો હતો. વિતેલા પખવાડિયાની વૈશ્વિક ખબરો અને બજારમાં ઉતાર-ચઢાવના કારણે બેંકના થાપણદારો અને રોકાણકારો બંનેના મનમાં ભારે અનિશ્ચિતતા પેદા થઈ છે. સૌપ્રથમ અમેરિકામાં સિલ્વરગેટ કેપિટલથી પરેશાનીરુપ સંકેત મળ્યા હતા અને તેને બંધ કરવામાં આવી. ત્યારબાદ કેલિફોર્નિયા સ્થિત સિલિકોન વૈલી બેંક નિષ્ફળ ગઈ અને તેની પૂર્વ મૂળ કંપનીએ ખુદને દેવાળિયા જાહેર કરી દીધી. નિયામકોએ ન્યૂયોર્કમાં સિગ્નેચર બેંકને પણ બંધ કરી દીધી. ક્રેડિટ સુઈસ બેંકના શેરો સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યા બાદ સ્વિસ નેશનલ બેંકે તેને જીવનદાન આપ્યું. અમેરિકી બેકિંગ દિગ્ગજોએ ફર્સ્ટ રિપબ્લીક બેંકમાં ૩૦ અબજ ડોલર જમા કરાવ્યા. ગત અઠવાડિયે સ્વિસ સરકર અને બેંકિગ નિયામકોએ યૂબીએસની સાથે ક્રેડિટ સુઈસને વિલય માટે મજબૂર કરી. આ સમગ્ર ઘટના ૧૦ દિવસના સમયગાળામાં બની હતી.

અમેરિકી બેંકોને કુલ ૬૨૦ અબજ ડોલરનો અપ્રાપ્ત નુકસાન (ઘાલખાધ) થયાનું અનુમાન છે. તેની તુલનામાં વર્ષ ૨૦૨૨માં ૨૬૩ અબજ અમેરિકી ડોલરનો વાર્ષિક નફો કર્યો હતો. સ્પષ્ટરુપે આ અમેરિકી અને યૂરોપીય બેંકો માટે તરલતા અને લાભપ્રદતાનો મુદો છે. બજારમાં ઉથલપાથલ છતાંયે આ બેકિંગ સંકટની શરુઆત નથી. ૧૯૮૦ના દસકા બાદ વ્યાજ દરનું સૌથી તેજ ચક્ર અને મંદીના વધતા જોખમ તરફ બજારને જગાડનાર બાબત છે.

ગત વર્ષ વોલ સ્ટ્રીટે ૨૦૨૩માં મંદીની ભવિષ્યવાણી કરી હતી. આ ક્ષણ અંગે લાંબા સમયથી અનુમાન કરવામાં આવી રહ્યું હતું અને હવે વર્ષો બાદ સકારાત્મક પરિવર્તન લાવી શકાશે. જો કે કેટલાક લોકોએ ઓછા વ્યાજદર અને ઓછી મુદ્રાસ્ફીતીનો સૌથી વધુ લાભ ઉઠાવ્યો હતો તેઓને સૌથી વધુ નુકસાન પહોંચી રહયું છે. ક્ષેત્રીય અમેરિકી બેંક આ સૂચિમાં સૌથી મોખરે છે. સુરક્ષાની ચિંતામાં થાપણદારો તેમાંથી નાણાં ઉપાડીને મોટી અમેરિકી બેંકોમાં જમા કરાવી રહ્યા છે.

સવાલ એ થઈ રહ્યો છે કે અન્ય અર્થવ્યવસ્થાઓ માટે અમેરિકા અને યૂરોપીય બેંકોની સમસ્યા કેટલી હાનિકારક હશે? આ ઘટનાઓની પૃષ્ઠભૂમિમાં ભારતીય રોકાણકારો અને થાપણદારો પૂછી રહ્યા છે કે, શું ભારતીય બેંકો સુરિક્ષત છે? આ સવાલનો આર્થિક બાબતોના વિશેષજ્ઞોના મતે એક જ શબ્દમાં ઉત્તર છે, હા. તેના પાંચ મુખ્ય કારણો છે.

પહેલું કારણ ભારતમાં મજબૂત નિયામક તંત્ર છે, જેના કારણે અગાઉના ઋણ સંકટ બાદ આરબીઆઈએ ભારતીય બેંકો પર બારીકાઈથી નજર રાખવા માટે રુઢીવાદી ઉપાયો કર્યા હતા. બીજું કારણ છે કે ભારતીય બેંકોમાં જમા રકમનો મોટો હિસ્સો છે. જે ભારતમાં જમા વીમો અને ક્રેડિટ ગેરંટી નિગમ (ડીસીઆઈજીસી) દ્વારા પ્રદાન કરાયેલ પાંચ લાખ રુપિયાના જમા વીમા અંતર્ગત વીમાકૃત છે. આથી બેંક નિષ્ફળ જવા છતાંયે રોકાણકારો જમા રકમ નિકાળશે નહી. કારણ કે તેમને પાંચ લાખના વીમા કવરેજ દ્વારા જમા રકમ પરત મળવાનું આશ્વાસન અપાયું છે. આ કારણોસર ભારતીય બેંકોની બેલેન્સ શીટને ખૂબ મજબૂતાઈ મળે છે.

ત્રીજું કારણ છે ભારતીય બેંકોમાં એસેટ લાયબિલિટી મેચ્યોરીટી(એએલએમ)માં ગેપ ખૂબ ઓછી છે. જેનો અર્થ છે કે ભારતીય બેંક બારીકાઈથી નજર રાખી રહી છે કે તે પોતાનું ઋણ અને રોકાણને કેવી રીતે આર્થિક પોષિત કરી રહી છે. તેમની જમા રાશિ અને ઋણ ઉપરાંત રોકાણની પરિપકવતા શું છે? ચોથું કારણ એ છે કે ભલે ગત વર્ષ રીઝર્વ બેંકના દરોમાં વૃદ્ધિનું કારણ વ્યાજ દરોમાં ૨.૫ ટકાનો વધારો થયો હતો. પરંતુ ભારતીય બેંકોની બોન્ડ હોલ્ડિંગ્સ અપેક્ષાકૃત નાની છે, જે તેમની કુલ સંપતિના લગભગ ૧૮ ટકા એમએલઆઈ હોલ્ડિગ્સ સુધી સીમિત છે. તેનો અર્થ એ છે કે અમેરિકી બેંકોની બેલેન્સ શીટમાં મોટી ખોટથી વિપરીત ભારતીય બેંકોના દરોમાં વધારાના કારણે નુકસાન ઓછું થાય છે. જે થાપણદારોને સુરક્ષા પ્રદાન કરે છે.

ભારતીય બેંકોની તાકાતનું પાંચમું કારણ એ છે કે ખરાબ ઋણ અનુપાત, જેને ગેર-નિષ્પાવિદત સંપતિ (એનપીએ) કહેવામાં આવે છે તે ઋણના પાંચ ટકાથી પણ નીચે પહોંચ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઉચ્ચ જોખમ અથવા ઓછા રેટિંગવાળી સંસ્થાઓમાં જોખમ ઘટી રહયું છે. ઉપરોકત બાબતોને ધ્યાને લેતા ભારતીય બેંકીંગ ક્ષેત્ર સુરિક્ષત ગણવામાં આવે છે. જો કે નાણાંકીય વર્ષ ૨૦૨૪મા અર્થવ્યવસ્થાની ધીમી ગતિના કારણે ઋણ વૃદ્ધિ અને નફો મૌજૂદ સ્તરથી થોડો ઓછો થશેની આશંકા છે. તેમ છતાંયે ભારતીય બેંકો સ્વસ્થ બની રહેશે.

એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સ એજન્સીએ તાજેતરમાં જણાવ્યું હતું કે, ભારતીય ઋણદાતા અમેરિકી બેંકીગ ઉથલપાથલ અને સંકટગ્રસ્ત સ્વિસ ઋણદાતા ક્રેડિટ સુઈસના યૂબીએસને હાલના અધિગ્રહણથી ઉત્પન્ન થનાર કોઈપણ સંભવિત સંક્રામક પ્રભાવને સહન કરી શકે છે. વધુમાં એજન્સીએ કહયું હતું કે, વધતા વ્યાજ દરોના કારણે ભારતીય બેંકોની પાસે મોટા સરકારી અભિયાનોના પોર્ટફોલિયો ઉપર થનાર નુકસાનનો સામનો કરવા માટે પર્યાપ્ત બફર પૂંજી છે. ભારતીય બેંકો કે તેના થાપણદારો માટે હાલ ડરનું કોઈ કારણ જોવા મળતું નથી.

# સરકારને જો આ મંદિરોનો ખજાનો મળી જાય તો અમેરિકા અને ચીન સહિત આખી દુનિયા ઘૂંટણિયે આવી જાય

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગુજરાતમાં દેશભરના ધાર્મિક નેતાઓ સાથે મુલાકાત કરી




આ ઈવેન્ટમાં હિંદુ ધર્મ અને તેમના અધિકારોને લગતા અનેક મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી એક મુદ્દો એ હતો કે સરકારે મંદિરોના સંચાલનની દખલગીરીમાંથી બહાર આવવું જોઈએ. પરંતુ શું તમે જાણો છો કે દેશના ટોચના અમીર મંદિરો પાસેપડેલા ખજાનાથી અમેરિકા, ચીન જેવા દેશોનું દેવું પણ ભારત ઘટાડી શકે તેમ છે. હકીતમાં દરેક વ્યક્તિ ધર્મ, કર્મ, પૂજાનું મૂલ્ય જાણે છે અને દરેક વ્યક્તિ તેને પોતાની રીતે કરે છે. જો આજના યુગની વાત કરીએ તો નેતા, અભિનેતાથી લઈને સામાન્ય માણસ સુધી દરેક મંદિરોમાં જઈને માથું ટેકવે છે. તે આજના યુગનું નવું ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે. ચૂંટણી જીતવાની હોય કે રાજનીતિ કરવી હોય, મંદિર અને ધર્મનું કોકટેલ એકદમ બંધ બેસે છે. દેશમાં એવા હજારો મંદિરો છે જ્યાં દરરોજ કરોડો ભક્તો પોતાની અરજી (માનતા) લઈને પહોંચે છે.

ભારત કઈ રીતે દુનિયા પર રાજ કરી શકે:

જો કમાવાની વાત કરીએ તો આપણા દેશમાં કેટલાક એવા મંદિરો છે. જેમાંથી જો સરકારને આવક થવા લાગે તો અમેરિકા, ચીન, ભારતનો ડંખ આખી દુનિયામાં સંભળાશે. માતા વૈષ્ણોદેવીનું મંદિર હોય કે તિરુપતિ બાલાજીનું, દેશના કેટલાક પ્રખ્યાત મંદિરો માત્ર દાનપેટીમાંથી જ કરોડોની કમાણી કરે છે. આવો અમે તમને આખી કહાની જણાવીએ કે આ મંદિરોના ખજાનાથી ભારત આખી દુનિયા પર કેવી રીતે રાજ કરી શકે છે.

ટોચના મંદિરોની કમાણી અને સ્ત્રોત

૧. પદ્મનાભ સ્વામી મંદિર:

આ મંદિરની ગણતરી દેશના સમૃદ્ધ મંદિરોમાં થાય છે, જે ત્રિવેન્દ્રમમાં આવેલું છે. એક અહેવાલ અનુસાર આ મંદિરમાં ૬ તિજોરીઓમાં ૨૦ અબજ ડોલરની સંપત્તિ છે. આ મંદિરમાં ભગવાન વિષ્ણુની સોનાની મૂર્તિ છે, જેની કિંમત ૫૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

૨. આંધ્ર પ્રદેશનું તિરૂપતિ બાલાજી મંદિર:

આંધ્રપ્રદેશમાં સ્થિત તિરુપતિ બાલાજી મંદિરની વાત કરીએ તો આ મંદિરમાં ૯ ટન સોનાનો ભંડાર છે. આ મંદિરમાં દર વર્ષે લગભગ ૬૫૦ કરોડ રૂપિયાનું દાન પ્રસાદ સ્વરૂપે મળે છે. લાડુ અને પ્રસાદના વેચાણથી પણ આ મંદિર દર વર્ષે લાખોની કમાણી કરે છે. મંદિરની નજીકની વિવિધ બેંકોમાં લગભગ ૧૪૦૦૦ કરોડ રૂપિયા જમા છે.

૩. મદુરાઈનું મિનાક્ષી મંદિર:

આ મંદિરની ગણતરી પણ દેશના ટોચના સમૃદ્ધ મંદિરોમાં થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ મંદિરની વાર્ષિક આવક ૬ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ મંદિરમાં દરરોજ લગભગ ૨૦ થી ૩૦ હજાર લોકો દર્શન માટે આવે છે.

૪. શિરડીનું સાઈ મંદિર:

શ્રીમંત મંદિરોની યાદીમાં શિરડીનું સાંઈ મંદિર પણ સામેલ છે. આ મંદિરના બેંક ખાતામાં ૩૮૦ કિલો સોનું, ૪૪૨૮ કિલો ચાંદીની સાથે ૧૮૦૦ કરોડ રૂપિયા જમા છે.

૫. મુંબઈનું સિદ્ધિ વિનાયક મંદિર:

મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં દાન અને પ્રસાદથી દર વર્ષે લગભગ રૂા. ૧૨૫ કરોડની આવક થાય છે.

અમેરિકા, ચીન, પાકિસ્તાન ઉપર દેવું:

અત્યાર સુધી તમે મંદિરોની કમાણી અને તેમની આવકના સ્ત્રોત જોયા હશે. હવે અમે તમને જણાવી દઈએ કે અમેરિકા, ચીન સહિત ઘણા મોટા દેશોની અર્થવ્યવસ્થા પર દેવાની જાળ એવી ફેલાઈ ગઈ છે કે જો સમયસર તેની સામે કાર્યવાહી નહીં કરવામાં આવે તો સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી શકે છે. એકલા અમેરિકાની વાત કરીએ તો માત્ર બે વર્ષમાં અમેરિકા પરનું કુલ દેવું ઈ૮.૨ ટ્રિલિયન વધી ગયું છે. બીજી તરફ જો ચીનની વાત કરીએ તો તેમના પર લગભગ ઈ૩૮૫ બિલિયનનું દેવું છે, જે જીડીપીના ૫.૮ ટકા જેટલું છે. પાકિસ્તાનની વાત કરીએ તો અહીંની સ્થિતિ કોઈનાથી છુપાયેલી નથી. હવે પાકિસ્તાન નવી લોન મેળવવા પણ સક્ષમ નથી. જો આ ટોચના સમૃદ્ધ મંદિરોના ખજાના અને કમાણી ઉમેરવામાં આવે તો ઘણા દેશોનું દેવું ચૂકવી શકાય તેમ છે.

# ડુંગળીનાં કુલ વાવેતરનું ૬૫ ટકા વાવેતર ભાવનગરમાં



અમદાવાદ, તા.૬

ભાવનગર જિલ્લામાં ઉનાળું વાવેતરનો પ્રારંભ થઈ ગયું છે. તેમજ અનેક ખેડૂતોએ વાવેતર કરી પણ દીધું છે. ગત વર્ષેની તુલનામાં આ વર્ષે ઉનાળુ પાકના વાવેતરમાં નોંધપાત્ર વધારો થયો છે. માવઠાના માહેલ બાદ ગરમીની સિઝનમાં વાવેતરમાં વૃદ્ધિ થઈ છે. ગત સપ્તાહે જિલ્લામાં કુલ વાવેતર ૫૧,૭૦૦ હેકટર હતુ. આ સપ્તાહે વધીને ૫૩,૩૦૦ હેકટર થઈ ગયું છે. રાજયમાં ઉનાળુ લાલ અને સફેદ ડુંગળીનું કુલ વાવેતર ૯,૨૦૦ હેકટરમાં થયું છે અને તે પૈકી ભાવનગર જિલ્લામાં વાવેતર ૬,૦૦૦ હેકટર થયું છે. રાજયમાં ડુંગળીનાં કુલ વાવેતરનું ૬૫.૨૨ ટકા વાવેતર માત્ર ભાવનગર જિલ્લામાં થયુ છે. ગરમીનો આરંભ થઈ ગયો છે, ત્યારે ૫૩,૩૦૦ હેકટર થઈ ગયું છે. ભાવનગર જિલ્લામાં ગત વર્ષે બાજરીનું આ સમયગાળામાં વાવેતર ૬૬૦૦ હેકટર હતુ. આ વખતે વધીને ૮૪૦૦ હેકટર થઈ ગયુંછે. ભાવનગર જિલ્લામાં મગફળીનું વાવેતર ૮૩૦૦ હેકટર થયું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં સર્વાધિક છે. સૌરાષ્ટ્રમાં ઉનાળું મગફળીનું કુલ વાવેતર ૧૫,૬૦૦ હેકટરમાં થયું છે અને તે પૈકી ભાવનગર જિલ્લામાં અડધાથી વધુ વાવેતર થયું છે. મગફળીનું વાવેતર ભાવનગર જિલ્લામાં ૮૩૦૦ હેક્ટરમાં થયું છે. બાજરીનું વાવેતર ૮૪૦૦ હેક્ટરમાં થયું છે, લાલ અને સફેદ ડુંગળીનું વાવેતર ૬૦૦૦ હેક્ટરમાં થયું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

વિદ્વાન વ્યક્તિઓની સંગતથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૧૫ ચૈત્રી પૂનમ, શ્રી બહુચરાજીનો મેળો, શ્રી હનુમાન જન્મોત્સવ, છત્રપતિ શિવાજી પૂણ્યતિથિ, જૈન ઓળી સમાપ્ત, શ્રી સિધ્ધાચલજીની યાત્રા તા.૬ એપ્રિલ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા. ૨૪, મુસ્લિમ તા. ૧૪, હસ્ત નક્ષત્ર, વ્યાઘાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૦, સૂ.અ.૭:૦૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૧:૦૯ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ: આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન: વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.
સિંહ: સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા: અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક: કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન: માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર: શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ: અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન: કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.


# ઈન્ડિયન ઓઈલે અત્યાર સુધીનું સૌથી ઊંચું ૭૨.૪ મિલિયન મેટ્રિક ટન ઉત્પાદન કર્યું

નવી દિલ્હી, તા.૬

તાજેતરમાં પૂરાં થયેલાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ઈન્ડિયનઓઈલે ઉત્કૃષ્ટ કામગીરી દાખવી હતી. કંપનીના નોંધપાત્ર દેખાવ અંગે પ્રતિક્રિયા આપતાં ઈન્ડિયન ઓઈલના ચેરમેન એસ.એમ. વૈદ્યએ જણાવ્યું હતું કે ૫ડકારરૂપ ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ છતાં, અમારી ટીમની દઢતા અનેઅમારી સમક્ષ આવેલા પડકારોને પાર પડવાની પ્રતિબદ્ધતામાં સહેજ પણ કમી આવી નહોતી. શ્રેષ્ઠતા માટેની અતૂટ પ્રતિબદ્ધતાના અમને બહેતર પરિણામો મળ્યાં છે, જેને લીધે ઈન્ડિયનઓઈલ કામગીરીના ક્ષેત્રે તેજસ્વી બનીને ચમકી રહી છે. ઈન્ડિયનઓઈલના ચેરમેન એસ.એમ.વૈદ્યએ જણાવ્યાં અનુસાર ઈન્ડિયન ઓઈલ, રિફાઈનરીઝે ગત વર્ષના ૬૭.૬૭ મિલિયન મેટ્રિક ટન્સની તુલનાએ સમીક્ષાના સમયગાળા દરમિયાન અત્યાર સુધીનું સૌથી ઊંચુ ૭૨.૪ મિલિયન મેટ્રિક ટન ઉત્પાદન નોંધાવ્યું હતું. ૨૦૨૧-૨૨ના આશરે ૮૩.૩૫ એમએમટીની તુલનાએ ઈન્ડિયન ઓઈલની લિક્વિડ પાઈપલાઈનનું ઉત્પાદન નોંધપાત્ર પ્રમાણમાં ઉછળીને ૨૦૨૨-૨૩માં અત્યાર સુધીનું સૌથી વધુ ૯૪.૭ એમએમટી નોંધાયું હતું. ઈન્ડિયનઓઈલે વર્ષ દરમિયાન અત્યાર સુધીનું સૌથી વધુ ૨,૪૫૦ કિલોમીટરનું પાઈપલાઈન વિસ્તરણ પણ કર્યું છે. માર્કેટિંગના મોરચે ઈન્ડિયનઓઈલે વાર્ષિક ધોરણે ૧૪ ટકાની પીઓએલ વેચાણવૃદ્ધિ નોંધાવી હતી. તેની પેટ્રોલિયમ પેદાશોનો બજાર હિસ્સો ૨૦૨૧-૨૨માં ૪૦.૮ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૪૨.૯ ટકા થયો છે. પેટ્રોલના વેચાણમાં ૧૯.૨ ટકાથી વધુનો વધારો થયો છે, અમારા ડીઝલના વેચાણમાં લગભગ ૧૯.૩ ટકાનો વધારો થયો છે, અને અમારા એલપીજી વેચાણમાં લગભગ ૧ ટકાનો વધારો થયો છે. ઈન્ડિયન ઓઈલની લ્યુબ્રિકેન્ટ બ્રાન્ડ સર્વોએ ૨૦૨૧-૨૨ દરમિયાન ૨૪ ટકાના નોંધપાત્ર વધારા અને ૨૦૨૦-૨૧માં ૨૬ ટકાની વૃદ્ધિ બાદ ૨૦૨૨-૨૩ દરમિયાન ૯ ટકાની વૃદ્ધિ સાથે ૭૦૧ ટીએમટીનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ વોલ્યુમ નોંધાવ્યું હતું. એટલે કે બજારહિસ્સો ૨૦૨૦-૨૧ના ૨૪.૯ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૨૭.૧ ટકા થયો છે, આમ ભારતમાં તમામ લ્યુબ સેગમેન્ટમાં સર્વોની હાજરી વધુ મજબૂત થઈ છે. ઈન્ડિયન ઓઈલના ગ્રીસના વેચાણમાં પણ ગયા નાણાકીય વર્ષમાં આશરે ૮ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. માર્કેટિંગ નેટવર્કનું વિસ્તરણ પણ ઈન્ડિયનઓઈલ માટે એક મહત્વનું લક્ષ્ય રહ્યું છે. ૨૦૨૨-૨૩ દરમિયાન, કંપનીએ ૧૭૮૪ આઉટલેટ્સ શરૂ કર્યા હતા, જે પીએસયુ કમિશનિંગના લગભગ ૪૬ ટકા હતા. ઈન્ડિયન ઓઈલ ફ્યુઅલ સ્ટેશન નેટવર્ક અત્યારે સમગ્ર દેશમાં ફેલાયેલા ૩૬,૨૮૫ આઉટલેટ્સ ધરાવે છે. ગયા વર્ષે, ઈન્ડિયન ઓઈલે પાંચ એવિએશન ફ્યુઅલ સ્ટેશનો પણ શરૂ કર્યા હતા.

# રશિયા સાથે મળીને ભારત બ્રહ્મોસ હાઈપરસોનિક મિસાઈલ બનાવશે

નવી દિલ્હી, તા.૬




ભારત બ્રહ્મોસ મિસાઈલના આગામી સંસ્કરણ પર રશિયા સાથે મળીને કામ કરવા જઈ રહ્યું છે જે અવાજની ઝડપ કરતા પણ ૫ ગણી વધુ ઝડપે દુશ્મન પર હુમલો કરી શકે છે. આ મિસાઈલો પર કામ કરવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને તેમના રશિયન સમકક્ષ વચ્ચે તાજેતરની બેઠકમાં સહમતી થઈ છે. હાઈપરસોનિક મિસાઈલોને બનાવવામાં રશિયા વિશ્વનો સૌથી અગ્રણી દેશ છે અને તે અમેરિકા કરતા પણ ઘણો આગળ છે. ભારતે રશિયા પાસેથી જ બ્રહ્મોસ મિસાઈલ મેળવી છે. હવે તેના આગામી સંસ્કરણ પર કામ કરીને હાઈપરસોનિક વર્ઝન તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મિસાઈલો મળવાથી ભારતની શક્તિમાં મોટો વધારો થશે અને તે પાકિસ્તાન જેવા દુશ્મન દેશવી અંદર લાંબા અંતર સુધી મારવામાં સક્ષમ બનશે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધથી હાઈપરસોનિક વેપન સિસ્ટમની ચર્ચા વધી છે. જેનો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. રશિયાએ આ યુદ્ધમાં જિરકૉન નામની હાઈપરસોનિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. તે ભારત સાથે મળીને જે મિસાઈલો તૈનાત કરવા જઈ રહ્યું છે તેની પણ એટલી જ તાકાત હશે. ગત વર્ષે જ બ્રહ્મોસ એરોસ્પેસના સીઈઓ અતુલ રાણેએ કહ્યું હતું કે તેમની તાકાત રશિયાની જિરકૉન મિસાઈલ જેવી જ હશે. હાઈપરસોનિક હથિયારોની વિશેષતા એ છે કે તે સરળતાથી પોતાનો માર્ગ બદલી શકે છે અને દુશ્મનના વિસ્તારમાં લાંબા અંતર સુધી ઝડપથી પ્રહાર કરવામાં સક્ષમ હોય છે. તેમની ગતિ પણ અવાજ કરતા પણ ૫ ગણી વધું હોય છે. રશિયાની સાથે મળીને ભારત જે મિસાઈલો પર કામ કરવાનું છે તે સમુદ્ર, હવા અને જમીન ગમે ત્યાંથી મારવામાં સક્ષમ હશે એટલે તેનો ફાયદો દેશની ત્રણેય સેનાઓને મળશે. ઉલ્લેખનીય છે કે ભારત મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રિજીમનું પણ સભ્ય છે. આવી સ્થિતિમાં તે મિસાઈલ તૈયાર કરી શકે છે પરંતુ તેને અન્ય કોઈ દેશમાં નિકાસ કરી શકતો નથી. આ મુજબ ભારત ૩૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતી મિસાઈલોને તૈયાર કરી શકે છે. જે ૫૦૦ કિલોગ્રામ સુધીનું વજન લઈ જવાની ક્ષમતા ધરાવે છે પરંતુ તેની નિકાસ કરી શકાતી નથી.

# • રમઝાન મુબારક •




## પોતાની મંગેતરને જોઈ લો

પ્રથમ બાબત તો આ છે કે છોકરો પોતાનીએ વાગદત્તાને જોઈ શકે છે જેની સાથે એ જીવન પસાર કરવાનો કરાર કરવા માંગે છે. રસૂલ સ.અ.વ.એ હઝરત મુગીર બિન શોઅબા રદિ.ને એ સલાહ આપી હતી કે તમે જે છોકરીને નિકાહનો પૈગામ મોકલ્યો છે તેને જઈને જોઈ લો, કારણ કે અગાઉથી જોઈ લેવાના કારણે તમારા હૃદયને સંતોષ થશે અને તમે બન્ને સંતુષ્ટ થઈ સુમેળપૂર્ણ જીવન પસાર કરશો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું:

"તમે જઈને એ છોકરીને જોઈ આવો, આ બાબત એ માટે વધુ યોગ્ય છે કે તમારા બંન્ને વચ્ચે (સંબંધો-સગપણમાં) કાયમીપણું જળવાય રહે." (તિર્મિઝી, હદીસ નં.૧૦૦૭)

એક હદીસમાં આ રીતે કહેવામાં આવ્યું છે કે છોકરી વિષે એવી બાબતો જોઈ લો જે તમને એની સાથે નિકાહ કરવા માટે તૈયાર કરીદે. (અબૂદાઊદ)

આ માર્ગદર્શનમાં એતો મોકળાશ તો છે જ કે છોકરીનો ચહેરો જોઈ શકાય છે. આની સાથોસાથ આમાં આ વાતની પણ છૂટ છે કે છોકરી વિષે એવી માહિતી અને વિગતો પણ મેળવી શકાય છે જે મેળવ્યા પછી તેની સાથે નિકાહનો સંબંધ સંપૂર્ણ હાર્દિક સંતોષ સાથે અને સમજી-વિચારી બાંધી શકાય. ઘણી વાર એવું બને છે કે કોઈ નાનકડી વાત અથવા સ્વરૂપ અને વાન વિષેની કોઈ બાબત જેની જાણ નિકાહ અગાઉ ન હોય અને તે પછીથી જ્યારે જાણમાં આવે છે તો તેના કારણે છોકરી અપ્રિય બની જાય છે અને સંબંધોમાં તિરાડ પડવા લાગે છે.

**રોઝા : ૧૪ ગુરૂવાર**

આ જ વાતની જો અગાઉથી જાણ હોત તો હૃદયને સંતોષ થાત. અપ્રિય થવાની આવી બીક/ભીતિનું નિવારણ કરવા માટેનું માર્ગદર્શન પણ રસૂલેકરીમ સ.અ.વ.ની હદીસમાં મળી રહે છે. આપ સ.અ.વ.એ એક સહાબીને જણાવ્યું કે અન્સારના કબીલાની સ્ત્રી સાથે લગ્ન કરવાનો ઈરાદો ધરાવતા હોવ તો એ વાત સમજી લો કે એમની આંખોમાં આવું આવું હોય છે. તમે સગપણ બાંધતા અગાઉ આ બાબતે ખાતરી કરી લો. હદીસનાં શબ્દો આ પ્રમાણે છે :

"એક વ્યક્તિ અલ્લાહના રસૂલ સ.અ.વ. સમક્ષ આવી અને જણાવ્યું કે મેં એક અન્સારી મહિલા સાથે લગ્ન કરી લીધાં છે. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે શું તમે એને જોઈ લીધી છે? કારણ કે અન્સારની છોકરીઓની આંખોમાં એક વાત હોય છે (કોઈ દોષ / ખામી હોય છે.)" (મુસ્લિમ, હદીસ નં. ૨૫૫૩)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

# ગુજકેટના તમામ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ




અમદાવાદ, તા.૬

રાજ્યની ઈજનેરી- ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે લેવામાં આવેલી ગુજકેટ સરળ રહી હતી. કેમેસ્ટ્રી અને ગણિતમાં પાંચ-પાંચ પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પુછાયા હતા. ગણિતના પેપરમાં ટ્વિસ્ટેડ પ્રશ્નોના લીધે ઘણા વિદ્યાર્થીઓને પેપર લેન્ધી લાગ્યું હતું. જો કે, એકંદરે ગુજકેટના પેપર સરળ કહી શકાય તે પ્રકારના પુછાતા વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા હતા. પ્રશ્નપત્રમાં મોટાભાગના પ્રશ્નો પુસ્તકમાંથી જ સીધા પૂછવામાં આવ્યા હતા. રાજ્યની ઈજનેરી અને ફાર્મસી કોલેજમાં પ્રવેશ માટે ગુજકેટ લેવામાં આવી હતી. ગુજકેટમાં ૧.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. બોર્ડ દ્વારા રાજ્યમાં ૩૪ ઝોનમાં ૬૨૬ સ્કૂલોમાં ૬૫૯૮ બ્લોકમાં પરીક્ષાનું આયોજન કરાયું હતું. પરીક્ષામાં પ્રથમ સેશનમાં કેમેસ્ટ્રી અને ફિઝિક્સની પરીક્ષા લેવાઈ હતી, ત્યારબાદ બાયોલોજી અને મેથ્સની પરીક્ષા લેવામાં આવી હતી. કેમેસ્ટ્રીનું પેપર પુસ્તક આધારિત અને સારૂ રહ્યું હતું. પેપરમાં માત્ર ચારથી પાંચ જેટલા લોજિકલ પ્રશ્નોને બાદ કરતા સમગ્ર પેપર પુસ્તક આધારિત રહ્યું હતું. ફિઝિક્સનું પેપર પુસ્તક આધારિત રહ્યું હતું. પુસ્તકમાં પુછાયેલા દાખલામાં સામાન્ય ફેરફાર કરીને પ્રશ્નો પુછવામાં આવ્યા છે. માત્ર બેથી ત્રણ પ્રશ્નો એવા હતા કે જે વિદ્યાર્થીઓની કસોટી કરે તે પ્રકારના હતા. બાયોલોજીનું પેપર એકંદરે સરળ અને પુસ્તક આધારિત પુછાયું હતું. મોટાભાગના પ્રશ્નો સીધા જ પુસ્તકમાંથી પુછવામાં આવ્યા હતા. ગણિતનું પેપર એકંદરે સરળથી મધ્યમ કક્ષાનું રહ્યું હતું. પ્રશ્નપત્રમાં ચારથી પાંચ જેટલા પ્રશ્નો અટપટા રહ્યા હતા, જેમાં વિદ્યાર્થીઓને થોડો વધુ સમય લાગતા પેપર લેન્ધી લાગ્યું હતું. ગુજકેટમાં પ્રથમ સેશન માટે ૧,૩૦,૮૨૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૧,૨૬,૬૨૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે બીજા સેશનમાં બાયોલોજીમાં ૮૧,૧૦૬ વિદ્યાર્થીઓ પૈકી ૭૮,૬૬૭ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગણિતમાં ૫૦,૧૫૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૪૮,૪૧૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજકેટમાં ઘણા પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓને બૂટ-મોજા બહાર કઢાવી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને કેન્દ્રમાં પ્રવેશ આપતા પહેલા તેમની ચકાસણી પણ કરવામાં આવી હતી. પરીક્ષા માટે હોલ ટિકિટની સાથે વિદ્યાર્થીઓ પાસે ફરજિયાત આઈડી પ્રૂફ માંગવામાં આવતું હતું.

# રેલવેમાં વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી ભાડાની રાહતો પુર્નઃ સ્થાપિત કરવા કેજરીવાલની મોદીને વિનંતી



નવી દિલ્હી તા.૬

દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રેલવે દ્વારા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી ભાડા રાહતોને પુર્નઃ સ્થાપિત કરવા વિનંતી કરી છે. વડાપ્રધાનને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર પાસે રૂા.૪૫ લાખ કરોડનું બજેટ છે અને જો તે વરિષ્ઠ નાગરિકોને રાહત આપે તો તેને રૂા.૧૬૦૦ કરોડનો ખર્ચ થશે. આ રકમને સમુદ્રમાં એક ટીપું ગણાવતા તેમણે કહ્યું કે, સરકાર આ રકમનો ખર્ચ ન કરીને અમીર નહીં બને. આ સુવિધા બંધ કરીને વરિષ્ઠ નાગરિકોને એવો સંદેશ આપવામાં આવી રહ્યો છે કે, સરકાર તેમની કાળજી લેતી નથી અને તે દેશની સંસ્કૃતિની વિરૂદ્ધ છે, તેમણે ઉમેર્યું હતું કે, વૃદ્ધોના આશીર્વાદ વિના કોઈપણ વ્યક્તિ, સમાજ કે દેશ પ્રગતિ કરી શકતો નથી. તેમણે કહ્યું કે, દિલ્હીમાં વૃદ્ધોના આશીર્વાદથી તમામક્ષેત્રોમાં પ્રગતિ જોવા મળી રહી છે, જેમના માટે તેમની સરકાર દ્વારા ધાર્મિક સ્થળોની મફત યાત્રાની વ્યવસ્થા કરવામાં આવી છે. કેન્દ્રએ ૨૦૨૦માં વરિષ્ઠ નાગરિકોને કોવિડ-૧૯ના ફેલાવાને રોકવા માટે લોકોની મુસાફરી ઓછી કરવા માટે આપવામાં આવતી આ રાહતો બંધ કરી દીધી હતી. સંસદીય સ્થાયી સમિતિએ તાજેતરમાં રેલવે દ્વારા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવતી ભાડાની છૂટને ફરીથી શરૂ કરવાની ભલામણ કરી છે.

ભારતીય રેલવે ૬૦ વર્ષ કે તેથી વધુ વયના પુરૂષોને ભાડામાં ૪૦ ટકા ડિસ્કાઉન્ટ આપતી હતી અને સ્ત્રીઓ માટે જો લઘુત્તમ વય ૫૮ વર્ષ હોય તો તેઓને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવતું હતું. આ છૂટછાટો મેલ/એક્સપ્રેસ/ રાજધાની/શતાબ્દી/ દુરંતો જૂથની ટ્રેનોના તમામ વર્ગોના ભાડામાં આપવામાં આવી હતી પરંતુ ૨૦ માર્ચ, ૨૦૨૦ના રોજ આ સુવિધા પાછી ખેંચી લેવામાં આવી હતી. ભાજપના સાંસદ રાધા મોહન સિંહની આગેવાની હેઠળની રેલવેની સ્થાયી સમિતિએ જણાવ્યું હતું કે, રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ કોવિડની સ્થિતિ હવે સામાન્ય થઈ ગઈ છે અને આ રાષ્ટ્રીય પરિવહનકર્તાએ સામાન્ય વૃદ્ધિ હાંસલ કરી છે. સમિતિએ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ ઉપરના તેમના ૧૨મા એક્શન ટેકન રિપોર્ટ (૧૭મી લોકસભા)માં એવી પણ ઈચ્છા વ્યક્ત કરી હતી કે, વરિષ્ઠ નાગરિકો માટે જે રાહતો પ્રી-કોવિડ ટાઈમમાં ઉપલબ્ધ હતી તેની સમીક્ષા કરવામાં આવે અને ઓછામાં ઓછા સ્લીપર ક્લાસ અને 3A ક્લાસમાં તેને ધ્યાનમાં લેવામાં આવે જેથી કરીને સંવેદનશીલ અને ખરેખર જરૂરિયાતમંદ નાગરિકો આ વર્ગોમાં સુવિધાનો લાભ લઈ શકે. તેથી સમિતિ, તેમના ઉપરોક્ત અહેવાલમાં સમાવિષ્ટ તેમની અગાઉની ભલામણને પુનરાવર્તિત કરે છે અને રેલવેને વિનંતી કરે છે કે, વરિષ્ઠ નાગરિકોને ખાસ કરીને સ્લીપર વર્ગ અને 3A વર્ગમાં ભાડામાં રાહતો પુર્નઃ શરૂ કરવા માટે સહાનુભૂતિ પૂર્વક વિચારણા કરે. જોકે, રેલવેએ જણાવ્યું હતું કે, આ કન્સેશન ફરી શરૂ કરવાની તેની કોઈ તાત્કાલિક યોજના નથી.

# જ્ઞાનસેતુ-રક્ષાશક્તિ સ્કૂલમાં પ્રવેશ માટે ફોર્મ ભરાવવા શિક્ષકો ઉપર દબાણ થતું હોવાનો આક્ષેપ

અમદાવાદ, તા.૬

રાજ્યની જ્ઞાનશક્તિ, જ્ઞાનસેતુ અને રક્ષાશક્તિ સ્કૂલમાં પ્રવેશ માટે ચાલી રહેલી ફોર્મ ભરવાની કાર્યવાહીમાં શિક્ષકો અને આચાર્યો ઉપર દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. રાજ્યની સ્કૂલોમાંથી ૧૦૦ ટકા વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થાય તે માટે દબાણ કરવામાં આવતા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. આ ઉપરાંત પ્રવાસી શિક્ષકોને ૩૦ એપ્રિલ સુધી ચાલુ રાખવામાં આવે તે માટે પણ શિક્ષણમંત્રીને રજૂઆત કરાઈ છે. રાજ્યમાં જ્ઞાનશક્તિ તથા રક્ષાશક્તિ સહિતની સ્કૂલોમાં પ્રવેશ માટે લેવાનારી પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવા માટે હાલમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ કાર્યવાહી ચાલી રહી છે. જેમાં વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન માટે શિક્ષકો અને આચાર્યો ઉપર દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સ્કૂલોના આચાર્ય અને શિક્ષક ઉપર દબાણ કરવામાં આવતું હોઈ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના જિલ્લા અને તાલુકા કક્ષાની ટીમ દ્વારા રજૂઆત મળ્યા બાદ આ અંગે શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. જ્ઞાનશક્તિ તથા આ પ્રકારની સ્કૂલોમાં ૨૭ એપ્રિલના રોજ પ્રવેશ પરીક્ષા યોજવામાં આવનાર છે ત્યારે ૧૦૦ ટકા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવા માટે દબાણ કરતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. જેથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે શિક્ષકો ઉપર આ પ્રકારનું દબાણ કરવામાં ન આવે તે માટે રજૂઆત કરી છે. ઉપરાંત હાલમાં શાળાઓમાં શિક્ષકોની ખુબ જ મોટી સંખ્યામાં ઘટ હોવાથી પ્રાથમિક શિક્ષણ નિયામકના ૧૩ જૂન, ૨૦૨૨ના પત્ર મુજબ પ્રવાસી શિક્ષકોને ૩૧ એપ્રિલ, ૨૦૨૩ સુધી નિમણુંક આપવામાં આવેલી હતી, આમ છતાં ૩૧ માર્ચ, ૨૦૨૩ના રોજ પ્રવાસી શિક્ષકોને છુટા કરવામાં આવ્યા છે. જેથી પ્રવાસી શિક્ષકોને ૩૦ એપ્રિલ સુધી ચાલુ રાખવા માટે યોગ્ય નિર્ણય લેવા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે રજૂઆત કરી છે.

# સઉદી અરેબિયાએ સ્વૈચ્છિક તેલ ઉત્પાદનમાં કાપની ઘોષણા કરી

રિયાધ, તા.૬

સઉદી અરેબિયાના ઊર્જા મંત્રાલયે મે ૨૦૨૩ના અંત સુધી દરરોજ ૫૦૦,૦૦૦ બેરલના સ્વૈચ્છિક તેલ કાપની ઘોષણા કરી છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઉત્પાદન કાપ પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોના સંગઠન (OPEC) અને સહકારની ઘોષણામાં બિન-OPEC સહભાગી દેશોના કેટલાક અન્ય દેશો સાથે સંકલનમાં છે. તેણે નોંધ્યું છે કે સ્વૈચ્છિક કાપ પાંચ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ૩૩મી ઓપેક અને નોન-ઓપેક મંત્રી સ્તરીય બેઠકમાં સંમત થયેલા ઉત્પાદનમાં ઘટાડા ઉપરાંત છે, સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે વૈશ્વિક તેલ બજારની સ્થિરતાને ટેકો આપવાના હેતુથી આ નિર્ણય સાવચેતીભર્યો છે.

# ભારતના સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ : શ્રીકાંત જિચકર, જેમની પાસે ૪૨ યુનિવર્સિટીઓમાંથી મેળવેલી ૨૦ ડિગ્રીઓ હતી

(એજન્સી) તા.૬

શું તમે જાણો છો કે ભારતની સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ કોણ છે ? આ વ્યક્તિ પાસે ૪૨ યુનિવર્સિટીમાંથી મેળવેલી લગભગ ૨૦ ડિગ્રી છે. શ્રીકાંત જિચકર સત્તાવાર રીતે ભારતના સૌથી શિક્ષિત વ્યક્તિ તરીકે જાણીતા છે. તે ૨૫ વર્ષના હતા ત્યાં સુધીમાં, જિચકર પાસે પહેલેથી જ તેના નામના ૧૪ પોર્ટફોલિયો હતા અને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં તેનું નામ નોંધાયું હતું. લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અનુસાર, જીચકર દેશના સૌથી શિક્ષિત વ્યક્તિ તરીકેનું બિરૂદ જાળવી રાખ્યું છે.૨ જિચકરે તેની મોટાભાગની પરીક્ષાઓમાં ફર્સ્ટ ડિવિઝન જ મેળવ્યું નથી પણ અનેક ગોલ્ડ મેડલ પણ જીત્યા છે. શ્રીકાંત જિચકર પાસે નીચે મુજબની ડિગ્રીઓ છે:

૧. મેડિકલ ડોક્ટર, MBBS અને MD ૨. કાયદો, LL.B. ૩. આંતરરાષ્ટ્રીય કાયદો, LL.M. ૪. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, DBM અને MBAમાં માસ્ટર્સ ૫. પત્રકારત્વમાં સ્નાતક ૬. M.A. પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૭. M.A. સમાજશાસ્ત્ર ૮. M.A. અર્થશાસ્ત્ર ૯. સ.છ. સંસ્કૃત ૧૦. સ.છ. ઈતિહાસ ૧૧. M.A. અંગ્રેજી સાહિત્ય ૧૨. M.A. ફિલોસોફી ૧૩. એમ.એ. રજનીતિક વિજ્ઞાન ૧૪. M.A. પ્રાચીન ભારતીય ઈતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્વ ૧૫. M.A મનોવિજ્ઞાન ૧૬. ડી. લિટ. સંસ્કૃત યુનિવર્સિટીમાં સર્વોચ્ચ ડિગ્રી ૧૭. આઈપીએસ ૧૮. IAS વર્ષ ૧૯૭૩ અને ૧૯૯૦ની વચ્ચે, આ વ્યક્તિએ યુનિવર્સિટીમાં ૪૨ પરીક્ષાઓ આપી હતી. IAS પરીક્ષામાં બેસવા માટે IPS પરીક્ષા પાસ કર્યા પછી તેમણે રાજીનામું આપી દીધું હતું. પ્રથમ રાષ્ટ્રીય ચૂંટણીમાં ભાગ લેવા માટે તેમણે ચાર મહિના પછી પોતાનું પદ છોડી દીધું હતું. ૧૯૮૦માં, તેમને મહારાષ્ટ્ર વિધાનસભામાં સેવા આપવા માટે પસંદ કરવામાં આવ્યા હતા, જેનાથી તેઓ દેશના સૌથી યુવા ધારાસભ્ય બન્યા હતા. તેમણે રાજ્યમંત્રી, રાજ્યસભાના સભ્ય અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય તરીકેના હોદ્દા પણ સંભાળ્યા છે. ડૉ.જીચકરની હંમેશા સર્જનાત્મક ભાવના રહી છે અને તેમને ચિત્રો દોરવા અને નાટકોમાં અભિનય કરવાનો શોખ હતો. તેમણે ધર્મ, આરોગ્ય અને શિક્ષણ ઉપર ભાષણો આપવા માટે દેશભરમાં પ્રવાસ કર્યો છે તેમણે યુનેસ્કોમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પરંતુ નિયતિની યોજના કઈક ઔર જ હતી, ૨ જૂન, ૨૦૦૪ના રોજ એક બસ તેમની કાર સાથે અથડાઈ હતી અને માત્ર ૪૯ વર્ષની નાની વયે ડૉ.જીચકરનું અવસાન થયું હતું. એક ડૉક્ટર, વકીલ, IPS અને IAS અધિકારી અને રાજકારણી તરીકે જિચકરનો ૫૨,૦૦૦ ગ્રંથોનો સંગ્રહ જે તેમણે તેમના અંગત પુસ્તકાલયમાં રાખ્યો હતો તે તેમના જ્ઞાન પ્રત્યેના જુસ્સાનો પુરાવો છે.

# ‘મહિલાઓના શરીરને સુંદર રાખે છે ગધેડીના દૂધમાંથી બનેલો સાબુ’, સાંસદ મેનકા ગાંધીનું વિચિત્ર નિવેદન



સુલ્તાનપુર, તા.૬

પુર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ મેનકા ગાંધીનો એક વીડિયો સોશિયલ મીડિયા ઉપર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ચૌપાલને સંબોધિત કરતા મેનકા ગાંધી એવું કહેતા સંભળાય છે કે- ગધેડીના દૂધનો સાબુ મહિલાઓના શરીરને હંમેશા સુંદર રાખે છે. એક ઘણી જ પ્રખ્યાત વિદેશી રાણી હતી ’ક્લિયોપેટ્રા’ તેઓ ગધેડીના દૂધમાં નહાતી હતી. દિલ્હીમાં ગધેડીના દૂધનો સાબુ ૫૦૦ રૂપિયામાં એક વેચાય છે. આપણે બકરીના દૂધમાંથી સાબુ કેમ ન બનાવી શકીએ. ગધેડીના દૂધનો સાબુ બનાવીએ. ગધેડીના દૂધમાંથી બનેલો સાબુ મહિલાઓના શરીરને હંમેશા સુંદર રાખે છે.

આ વીડિયો બલ્દીરાયમાં આયોજિત એક કાર્યક્રમનો હોવાનું જણાવવામાં આવી રહ્યો છે. જેમાં મેનકા ગાંધી લોકોને કહી રહ્યાં છે કે તેમણે જોયું છે કે ગધેડાઓની સંખ્યા ઘટી રહી છે. જે બાદ તેઓએ સવાલના અંદાજમાં પુછ્યું કે ગધેડાને જોતા કેટલાં દિવસ થઈ ગયા છે. ગધેડાની સંખ્યા ઘટી રહી છે કે ખતમ થઈ ગયા છે. ધોબીનું કામ પણ ખતમ થઈ ગયું છે પરંતુ લદ્દાખમાં તેઓએ ગધેડીમાંથી દૂધ કાઢવાનું શરૂ કર્યું અને તેમાંથી સાબુ પણ બનાવ્યો.

મેનકા ગાંધીએ કોઈ વિશેષજ્ઞની જેમ કહ્યું કે ગધેડીના દૂધનો સાબુ મહિલાઓના શરીરને હંમેશા સુંદર રાખે છે. તેમણે કહ્યું- વૃક્ષો ગાયબ થઈ રહ્યાં છે. લાકડાં એટલાં મોંઘા છે કે કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો પણ પોતાના પરિવારને કંગાળ કરી દે છે. દાહ સંસ્કારમાં ઉપયોગમાં લેવામાં આવતા લાકડા માટે ૧૫-૨૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. તેનાથી સારૂં છે કે આપણે લાંબા છાણા બનાવીએ અને તેમાં સુગંધી સામગ્રી ઉમેરી દઈએ. સાથે જ એક ઓર્ડર પણ લગાવી દઈએ કે જેઓ મૃત્યુ પામે છે તેમના દાહ સંસ્કાર છાણામાંથી કરવામાં આવે, એવું કરવાથી ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયાનો ખર્ચ થશે. સાથે પશુ પાલકોના છાણા વેચાશે તો તેમને પણ આવક થશે.

મેનકા ગાંધી અહીં જ ન અટકયા, તેમણે કહ્યું કે હું નથી ઈચ્છતી કે તમે જાનવરો ઉપર પૈસા કમાવો. આજ સુધી કોઈ બકરી કે ગાય પાલન કરીને પૈસાદાર નથી બન્યા. આપણી પાસે એટલાં ડોકટર જ નથી. તેમણે કહ્યું કે આખા સુલ્તાનપુરમાં ૨૫ લાખ લોકો વચ્ચે મુશ્કેલીથી ત્રણ ડોકટર હશે. ક્યારેક ક્યારેક તે પણ નથી હોતા. ગાય, ભેંસ કે બકરી બીમારી થાય તો તમારા લાખો રૂપિયા જતા રહેશે. તમે દીકરીઓને પશુ સહાયક બનાવો છો પરંતુ પશુ સહાયક કેટલું કરી શકે. તેથી હું આ બધાંની વિરોધી છું કે કોઈ બકરી કે ગાયને પાળે. જ્યારે ૧૦ વર્ષે તમે કમાશો અને એક રાતમાં જાનવર મરી જશે તો બધું જ ખતમ થઈ જશે

મેનકા ગાંધીનું આ નિવેદન સોશિયલ મીડિયામાં જોરદાર વાયરલ થઈ રહ્યું છે. સોશિયલ મીડિયા ઉપર લોકોએ ચર્ચા પણ શરૂ કરી દીધી છે કે શું ખરેખર આવું શક્ય છે. કેટલાંક લોકોએ લખ્યું કે જો આટલું જ ફાયદામંદ છે ગધેડી તો દરેક ઘરમાં તેને પાળવી જોઈએ. સુંદરતા પણ બની રહેશે અને તબિયત પણ સારી રહેશે.

# GST વાર્ષિક રિટર્નની લેટ ફીમાં ઘટાડો કરાતા વેપારીઓને રાહત

અમદાવાદ, તા.૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ તરફથી વેપારીઓને મોટી રાહત આપવામાં આવી છે. જે વેપારીઓ તેમનું વાર્ષિક રિટર્ન ફાઈલ કરી શક્યા નહોતા તેઓની મહત્તમ પેનલ્ટીની રકમ ૨૦ હજાર કરવામાં આવી છે. જોકે, વેપારીઓને ૩૦ જૂન સુધીમાં રિટર્ન ફાઈલ કરવું પડશે તો જે તેઓ આ છૂટનો લાભ લેવા પાત્ર થશે. જીએસટી વિભાગનાં સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કેટલાક વેપારીઓ કોરોનાકાળમાં વાર્ષિક રિટર્ન ફાઈલ કરી શક્યા નહોતા. જેને પગલે તેમને મોટી પેનલ્ટી ચૂકવવી પડે તેવી સંભાવના સર્જાઈ હતી. જીએસટીના કાયદા પ્રમાણે જીએસટી વાર્ષિક રિટર્ન લેટ રિટર્ન ફાઈલ કરનારાઓને પ્રતિદિન ૨૦૦ રૂપિયા પ્રમાણે પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવી હતી. જેથી આ રમક ખૂબ મોટી થઈ જતી હતી. જેથી વેપારીઓ પરેશાન હતા. જેમાં રાહત આપવામાં આવી છે. જે વેપારીઓએ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૯થી ૨૦૨૨-૨૩ સુધી રિટર્ન ફાઈલ નથી કર્યા તેઓ પણ આ રાહતનો લાભ લઈ શકશે

# મધ્ય પૂર્વમાં ચીનની મધ્યસ્થતાથી અમેરિકા ચિંતિત

(એજન્સી) તા.૬

આ મહિનાની શરૂઆતમાં સઉદી અરેબિયા અને ઈરાનના પ્રતિનિધિઓએ પાંચ દિવસ સુધી બેઠક કરી હતી. અને એ પછી પર્સિયન ગલ્ફના આ બંને કટ્ટર વિરોધીઓ ૧૦ માર્ચે રાજદ્વારી સંબંધો ફરી શરૂ કરવા માટે પણ સંમત થયા હતા, જેના કારણે ભારે હલચલ મચી ગઈ હતી. પરંતુ હકીકત એ છે કે આ બે પ્રતિકૂળ પડોશીઓએ બેઈજિંગમાં પોતાના હાથ મિલાવ્યા હતા, તે કદાચ રિયાધ અને તેહરાન વચ્ચેના નવા સંબંધો વિશે સૌથી મોટું આશ્ચર્ય હતું. ઈરાનમાં ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ બાદથી ઈરાન અને સઉદી અરેબિયા એકબીજાના દુશ્મન રહ્યા છે. એક દાયકા કરતાં વધુ સમયથી, તેઓએ પ્રદેશમાં સંઘર્ષમાં વિરોધી પક્ષોને સમર્થન આપ્યું છે, યમન જેવા દેશોમાં પ્રોક્સી યુદ્ધો કર્યા છે. તેઓએ સાત વર્ષથી રાજદ્વારી સંબંધો જાળવી રાખ્યા નથી. હવે, મધ્ય પૂર્વની આ સૌથી ખતરનાક દુશ્મનાવટમાં એક સફળ મધ્યસ્થી તરીકે આ ક્ષેત્રમાં ચીનની ભૂમિકામાં એક નવી સામે આવી છે.

યુરોપિયન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ (ECFR) થિંક ટેક્મમાં મધ્ય પૂર્વના કાર્યક્રમના ડિરેક્ટર જુલિયન બાર્નેસ-ડેસી દલીલ કરે છે કે, યુ.એસ., લાંબા સમયથી અખાતમાં આ બે સત્તાઓ વચ્ચેનું અંતર ઘટાડવામાં નિષ્ફળ રહ્યું છે. જોકે વોશિંગ્ટન એ તેહરાન સાથે કોઈ સંબંધો રાખતું નથી. બાર્ન્સ-ડેસીએ જણાવ્યું હતું કે, અહીંની મૂળભૂત વાસ્તવિકતા એ છે કે ચીન આગળ વધવામાં સક્ષમ હતું કારણ કે તેમની પાસે તમામ પક્ષો સાથે સંબંધ અને લાભ હતો. તેનો પ્રભાવ મુખ્યત્વે અર્થશાસ્ત્ર ઉપર આધારિત છે ઈરાન અને સઉદી અરેબિયા બંને માટે ચીન અત્યાર સુધીમાં સૌથી મહત્વપૂર્ણ વેપારી ભાગીદાર છે. ભૂતપૂર્વ યુએસ રાજદ્વારી જેફરી ફેલ્ટમેને કહ્યું કે, મધ્ય પૂર્વના અન્ય ભાગોમાં પણ, ચીન સાથેનો વેપાર યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના વેપાર કરતાં ત્રણ ગણો વધારે છે, માટે અમે આ ક્ષેત્ર માટે ચીનના મહત્વને અવગણી શકતા નથી. બોન સ્થિત મિડલ ઈસ્ટ થિંક ટેક્ CARPOના સેબેસ્ટિયન સન્સે જણાવ્યું હતું કે ચીનને ગલ્ફમાં માત્ર આર્થિક ભાગીદાર તરીકે જ નહીં પરંતુ રાજકીય અને સુરક્ષા ભાગીદાર તરીકે પણ માનવામાં આવે છે. તેમણે નોંધ્યું કે, મૂળભૂત રીતે, એવું કહેવું જોઈએ કે યુએસ અને યુરોપે પણ છેલ્લા કેટલાક વર્ષોમાં આ ક્ષેત્રમાં વિશ્વાસ ગુમાવ્યો છે અને તેથી તેઓને ભાગ્યે જ આવા મધ્યસ્થી તરીકે ગણી શકાય. યુએસ નીતિ નિર્માતાઓએ અનુમાનિત રીતે મૌન રહીને ચીનની આ મધ્યસ્થી કરવામાં સફળતા પ્રાપ્ત કરવા અંગે કઈ પણ કહ્યું નથી. વોશિંગ્ટન ઈન્સ્ટિટયૂટ ફોર નીયર ઈસ્ટ પોલિસીના માઈકલ સિંઘે જણાવ્યું હતું કે, ચીનની આ ભૂમિકા જોઈને વોશિંગ્ટનમાં વધુ ચિંતા હોય શકે છે. યુએસ સરકારે સાવચેતી પૂર્વક આ કરારનું સ્વાગત કર્યું છે, જયારે ચીનની મધ્યસ્થી ભૂમિકાને અવગણવાનો પ્રયાસ કર્યો છે.

ફેલ્ટમેન, જેમણે સંયુક્ત રાષ્ટ્ર માટે અનેક તકરારમાં મધ્યસ્થી કરી છે, તેમણે એ પણ નિર્દેશ કર્યો કે રાજદ્વારી સંબંધો પુર્નઃ સ્થાપિત કરવાનો અર્થ એ નથી કે સઉદી અરેબિયા અને ઈરાન વચ્ચેની વ્યૂહાત્મક દુશ્મનાવટનો અંત આવી જશે. પરંતુ ભૂતપૂર્વ યુએસ રાજદ્વારી બેઈજિંગ અને વોશિંગ્ટન વચ્ચેની દુશ્મનાવટના સંદર્ભમાં ચીનની મધ્યસ્થી જુએ છે અને કહે છે કે, યુએસએ એ સ્વીકારવું પડશે કે સઉદી અરેબિયા જેવા દેશો, જેની સાથે યુએસના ૭૫ વર્ષથી ગાઢ સંબંધો છે, તેઓ એક અથવા બીજા કેમ્પમાં રહેવાના પ્રયાસનો પ્રતિકાર કરશે. અમે આને યુક્રેનમાં રશિયાના યુદ્ધ



સાથે જોઈએ છીએ. અને અમે તેને યુએસ-ચીની દુશ્મનાવટ સાથે જોઈએ છીએ કે એવા ઘણા દેશો છે જેની સાથે યુએસના ગાઢ સંબંધો હતા અને હજુ પણ ગાઢ સંબંધો છે પરંતુ આપણે અપેક્ષા રાખી શકીએ નહીં કે તે દેશો ચીન સાથેની દુશ્મનાવટમાં અમારી સાથે રહેશે. બ્રસેલ્સ સ્થિત થિંક ટેક્ ક્રાઈસિસ ગ્રૂપના મધ્ય પૂર્વના નિષ્ણાત દિના એસ્ફન્ડીયરી કહે છે કે ગલ્ફના દેશો વર્તમાન રાજકીય વાતાવરણને ધ્યાનમાં રાખીને પોતાની રણનીતિ નક્કી કરી રહ્યા છે. તે વોશિંગ્ટન માટે અપ્રિય પરિણામો લાવી શકે છે. ચીનના રાજયના વડા, શી જિનપિંગનું રિયાધમાં પ્રથમ અરબ-ચીની સમિટમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. તે બેઠકે એવી છાપને દૂર કરી હતી કે ચીનને માત્ર ગલ્ફમાં વેપાર કરવામાં રસ છે. છેવટે, ચીનના ઊર્જા પુરવઠાનો નોંધપાત્ર હિસ્સો ગલ્ફ પ્રદેશમાં સ્થિર પરિસ્થિતિઓ ઉપર આધાર રાખે છે. જો કે, બેઈજિંગની વધતી જતી સંડોવણી માટેનો બીજો હેતુ એ છે કે, ચીન પોતાને એવા વૈકલ્પિક મોડેલ તરીકે, ભાગીદાર તરીકે, મધ્યસ્થી તરીકે રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે પશ્ચિમી મોડેલથી અલગ છે. સઉદી-ઈરાનિયન સંબંધો સુધારવામાં ચીન દ્વારા કરવામાં આવેલા વ્યાપક રાજદ્વારી પ્રયાસોનો હેતુ પોતાને સમાધાન માટે શાંતિ નિર્માતા તરીકે દર્શાવવાનો છે.

# નકલંકધામ - તોરણીયા ખાતે સદગુરૂ વંદના મહોત્સવમાં રક્તદાન કેમ્પનો પ્રારંભ કરાવતા સંતો

## ત્રિ દિવસીય વિવિધ કાર્યક્રમોમાં જૂનાગઢની આસ્થા હોસ્પિટલ દ્વારા શ્રદ્ધાળુઓને મેડિકલ સારવાર અપાશે










જૂનાગઢ, તા.૬

પ.પૂ.સંત શ્રી સેવાદાસબાપા આશ્રમ નકલંકધામ તોરણીયા-હરિદ્વાર આયોજિત પ.પૂ.સંત શ્રી સેવાદાસબાપુની ૪૦મી પુણ્યતિથિ પ્રસંગે શ્રી સદગુરૂ વંદના મહોત્સવ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર તથા રક્તદાન કેમ્પનું ઉદઘાટન પરમ પૂજ્ય સંત શ્રી કરશનદાસબાપુ (પરબધામ)ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી ધર્મભૂષણ સંત શ્રી રાજેન્દ્રદાસબાપુ (તોરણીયા), મહામંડલેશ્વર ૧૦૦૮ પરમ પૂજ્ય સંત શ્રી હરિહરાનંદ ભારતીબાપુ (ભારતી આશ્રમ-જૂનાગઢ), મહાદેવગીરીબાપુ (અવધુત આશ્રમ -જૂનાગઢ) સહિતનાં સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડ ડો.નયના લકુમ થતા સિવિલ સર્જન ડો.પાલા લાખણોત્રાના માર્ગદર્શન હેઠળ જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલની બ્લડ બેન્ક દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં એકત્રિત થયેલ તમામ રક્ત થેલેસેમિયા ગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ સહિત જરૂરિયાતમંદ લોકોને જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં વિનામૂલ્ય આપવામાં આવશે. આ ઉપરાંત જૂનાગઢની નામાંકિત આસ્થા હોસ્પિટલ એન્ડ આઈસીયુના ડો.ચિંતન યાદવના સૌજન્યથી આ ત્રિ દિવસીય મહોત્સવમાં પ્રાથમિક સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યુ છે. જરૂરિયાતમંદ દર્દીઓને આસ્થા હોસ્પિટલ દ્વારા વિનામૂલ્ય સારવાર અને દવા આપવામાં આવશે.

### ૯મી એપ્રિલના યોજાનાર

# જૂનાગઢ જીલ્લાના ૭૯ પરીક્ષા કેન્દ્રો ખાતેથી ૨૩૨૨૦ ઉમેદવારો જુનીયર કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે

જૂનાગઢ, તા.૬

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરા ક્રમાંક ૧૨/૨૦૨૧-૨૨ જૂનીયર કલાર્કની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા આગામી તા.૯/૪/૨૦૨૩ના રોજ બપોરના ૧૨:૩૦ થી ૧૩:૩૦ કલાક દરમ્યાન યોજાનાર છે જેમાં જૂનાગઢ જીલ્લાના કુલ ૭૯ પરીક્ષા કેન્દ્રો ખાતે કુલ ૨૩૨૨૦ ઉમેદવારોની બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે જે અન્વયે જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર સાથે સાંકળાયેલ અલગ અલગ વિભાગોના અંદાજીત ૧૩૬ અધિકારીઓ અનો પરીક્ષા કેન્દ્રો ઉપર અંદાજીત ૧૪૩૯ કર્મચારીઓનો પરીક્ષાલક્ષી વિવિધ ફરજો સોપવામાં આવેલ છે. આ પરીક્ષામાં કાયદો વ્યવસ્થા માટે પોલીસ વિભાગના અંદાજીત ૪૩૦ પોલીસ સ્ટાફનો પરીક્ષાલક્ષી બંદોબસ્તની ફરજો સોંપવામાં અવેલ છે તેમજ જૂનાગઢ જીલ્લન કેન્દ્ર ખાતો કોઈ ઉમેદવારનો પરીક્ષા કેન્દ્ર શોધવામાં મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા પંચાયત કચેરી- જૂનાગઢ ખાતે હેલ્પલાઈન નં.૦૨૮૫-૨૬૩૬૦૩૨ તા.૩૧/૩/૨૦૨૩ થી તા.૯/૪/૨૦૨૩ સુધી કચેરીના કામકાજના કલાકો દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે.

# પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અગ્રેસર ગીર સોમનાથ જીલ્લો

## જીલ્લામાં ૧૨૨ ગામના ૭૫થી વધુ ખેડુતો દ્વારા કુલ ૧૭૧૯૨ એકરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા થઈ રહી છે ખેતી

વેરાવળ, તા.૬

ગીર સોમનાથ જિલ્લામાં દેશી ગાય ધરાવતા ખેડૂતોની સંખ્યા બહોળા પ્રમાણમાં છે. જેથી રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂત કુટુંબને ગાય નિભાવ ખર્ચ માટે આપવામાં આવતી સહાયમાં જિલ્લો રાજ્યમાં અગ્રેસર રહેલ છે. જિલ્લામાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં પણ રાજ્યના અન્ય જિલ્લાની સરખામણીમાં નોંધનીય કામગીરી થયેલ છે. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન જિલ્લામાં દેશી ગાય નિભાવ ખર્ચ યોજનામાં કુલ ૧૩૩૧૮ ખેડૂતોને લાભ મળ્યો છે અને તેઓ જીવામૃત, ઘનજીવામૃત ઉપયોગ દ્વારા પ્રાકૃતિક કૃષિ તરફ વળેલ છે.

ઉલ્લેખનીય છે કે ભારત દેશ પ્રાચીન કાળથી ખેતીપ્રધાન દેશ રહ્યો છે. અને હાલ પણ ૬૦% જેટલી વસ્તી ખેતી અને ખેતી આધારિત વ્યવસાય સાથે જોડાયેલ છે. પ્રાચીન કાળથી ભારતની ખેતી દેશ-વિદેશમાં પ્રખ્યાત હતી અને વિદેશી લોકો મરી મસાલા તથા ખેત ઉત્પાદનના વ્યાપાર અર્થે આપણા દેશમાં આવતા હતા.પરંતુ ભારતમાં ખેડૂતો વધારે ઉત્પાદનની લાલચમાં પ્રાચીન ખેતી પદ્ધતિ છોડી ખેતીમાં વિવિધ રસાયણો જેવા કે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, નિંદામણ નાશક દવાઓના ઉપયોગચાલુ કર્યોછે. જેના પરિણામો શરૂઆતમાં ખેત ઉત્પાદનમાં ખુબ વધારો થયો પરંતુ સમય જતા જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થવા લાગ્યો અનેખેતી ખર્ચમાં ખુબજ વધારો થવા લાગ્યો જેથી હાલ દેશમાં ખેડૂતોની પરિસ્થિતિ ખરાબ થવા લાગી જેથી હાલ ની પરિસ્થિતિ મુજબ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળવું ખૂબ જ જરૂરી બન્યું છે.

પ્રાકૃતિક કૃષિ એ ગાય આધારિત અને પ્રકૃતિ આધારિત ખેતી છે જેમાં રસાયણોનો બિલકુલ ઉપયોગ થતો નથી જેથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે અને ખેડૂતોને રાસાયણિક ખાતર તથા દવાની ખરીદીમાં થતો ખર્ચ પણ બચી શકે છે. આમ જો ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તો આપણા દેશની ખેતી ફરીથી બેઠી થઈ શકે ત્યારે હાલ સરકારનાં ઉદેશ્ય મુજબ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે બાબતે વડાપ્રધાનશ્રી તથા રાજ્યપાલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને પદ્ધતિસરની માહિતી પૂરી પાડવામાં આવે છે. જે અંગેની કામગીરી ગીર સોમનાથ જિલ્લો અગ્રેસર રહી જિલ્લા વહીવટી તંત્ર, આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી વિભાગ તેમજ બાગાયત વિભાગના કમર્ચારી/ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં પ્રાકૃતિક કૃષિની વિવિધ તાલીમ, કિશાન ગોષ્ઠી તથા રાત્રીસભા દ્વારા ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત વગેરે બાબત સાથેની પ્રાકૃતિક કૃષિની માહિતી મળી રહે તે અંગેની કામગીરી કરી રહ્યા છે અને હાલ જિલ્લામાં કુલ ૩૨૯ ગામમાંથી કુલ ૧૧૨ ગ્રામ પંચાયતમાં ૭૫ તથા તેનાથી વધુ ખેડૂતો જીવામૃત, ઘનજીવામૃત દ્વારા મગફળી, ઘઉં, શેરડી, કઠોળ, શાકભાજી અને બાગાયત (કેળ, નારીયેળી, આંબા, વિવિધ) પાકો દ્વારા કુલ ૧૭૧૯૨ એકરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા ખેતી કરી રહ્યા છે અને તેઓને ખૂબજ સારા પરિણામો મળી રહ્યા છે.

જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના ૬૦ આદર્શ મોડેલ ફાર્મ દ્વારા અન્ય ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કરવા માટેપ્રેરણા મળેછે. મોડેલ ફાર્મ દ્વારા ઉત્પાદન થતી વસ્તુઓ અનાજ વગેરેનું સીધું વેચાણ મુંબઈ, સુરત, અમદાવાદ વગેરે જેવા મેગા સીટીમાં કરી રહ્યા છે. જિલ્લામાં આગામી ખરીફ ઋતુના સમયમાં ૧૫૦૦૦થી પણ વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે તૈયાર થયેલછે અનેઆ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે તાલીમ કે માર્ગદર્શનની જરૂરિયાત હોય તો તેમને ગ્રામસેવક અથવા આત્મા પ્રોજેકટના સ્ટાફનો સંપર્ક કરવાનો હોય છે જેઓ દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષય ઉપરની માહિતી આપવામાં આવે છે અને જિલ્લાના વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે બાગાયત, ખેતીવાડી ખાતુ તથા આત્મા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે તેવું જિલ્લા ખેતીવાડી અધિકારી અને પ્રોજેકટ ડાયરેકટર દ્વારા જણાવેલ છે.

# શ્રી આજોઠા કન્યા શાળામાં કોમ્પ્યુટર લેબનું ઉદ્‌ઘાટન તેમજ મિલેટ મહોત્સવ અંતર્ગત આનંદમેળો યોજાયો

## જીલ્લા પંચાયતપ્રમુખ શ્રીમતી રામીબહેન વાજા તેમજ ધારાસભ્ય ભગવાનભાઈ બારડની પ્રેરક ઉપસ્થિતિ





વેરાવળ, તા.૬


વેરાવળ તાલુકાની શ્રી આજોઠા કન્યા શાળામાં જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેન વાજા તેમજ ધારાસભ્ય ભગવાનભાઈ બારડની ઉપસ્થિતિમાં ઈન્ડીયન રેયોન વેરાવળ-જીએચસીએલ સુત્રાપાડા તથા ગ્રામજનોના સહકારથી નવનિર્મીત સાયન્સ લેબ તથા અધતન કોમ્પ્યુટર લેબનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. બાળકની સુષુપ્ત શક્તિઓ વિકસાવવા અને રોજબરોજના વ્યવહારમાં વિજ્ઞાનનો ઉપયોગ વધારવા તેમજ ટેકનોલોજીની દિશામાં વિદ્યાર્થીઓ હરણફાળ ભરી શકે તેવા હેતુથી કોમ્પ્યુટર લેબ તેમજ વિદ્યાર્થીઓની બહુમુખી પ્રતિભા વિકસી શકે તેવા હેતુસર મિલેટ મહોત્સવ અંતર્ગત આનંદમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ૧૪ ખાણીપીણીના સ્ટોલ તથા ગેમઝોનમાં બાળકો સહિત સમગ્ર ગ્રામજનો પણ સહભાગી થયા હતાં. આ તકે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ.કે.વાજા, વિક્રમભાઈ પટાટ સહિતના અગ્રણીઓ, ઈન્ડીયન રેયોન સીએસઆર શ્રધ્ધા મહેતા, જીએચસીએલ મેનેજર અજીતભાઈ બારડ, આજોઠા સરપંચ મેણસીભાઈ બારડ તેમજ સી.આર.સી., આચાર્ય અને શિક્ષકો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનોપણ ઉપસ્થિત રહ્યા હતાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી આજોઠા કન્યા શાળાના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયામાં રામદેવજી મહારાજના બાર પહોરા પાટોત્સવનું ભવ્ય આયોજન

## શનિવારથી ત્રણ દિવસ વિવિધ ધાર્મિક કાર્યક્રમો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬



ખંભાળિયા તાલુકાના કંચનપુર ગામે બિરાજતા શ્રી કંચેશ્વર મહાદેવના મંદિરના પટાંગણમાં ક્ષત્રિય સંઘાર સમાજ અને ભરવાડ સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી નકલંક નેજાધારી રામદેવજી મહારાજના બાર પહોર પાટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિવાર તારીખ આઠમીના રોજ સવારે ૯વાગ્યે કુંભ સ્થાપન, રવિવાર તારીખ ૯ના રોજ બપોરે ચાર વાગ્યે સંતોના સામૈયા તથા આઠ વાગ્યે જયોત પ્રાગટ્ય તેમજ સોમવાર તારીખ ૧૦ના રોજ રાત્રે ભજન સંતવાણી સહિતના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકાર શ્રી પરસોતમપુરી બાપુ, હસમુખ ગીરીબાપુ, નિલેશભાઈ ગઢવી, જયસુખબાપુ, તેજાભાઈ સરસિયા સહિતના કલાકારો સંતવાણીમાં ભજન-ધૂનની રમઝટ બોલાવશે. આ ઉપરાંત મહાપ્રસાદી સહિતના કાર્યક્રમોના આયોજન માટે ક્ષત્રિય સંઘાર સમાજ તેમજ ભરવાડ સમાજ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# વિસાવદરના હાજાણી પીપળીયા ગામમાં રૂ.૩ લાખના ખર્ચે એલઈડી સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉભી કરાશે

જૂનાગઢ, તા.૬

વિસાવદર તાલુકાના હાજાણી પીપળીયા ગામમાં રૂ.૩ લાખના ખર્ચે ન્ઈઙ સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉભી કરવામાં આવશે. જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ૧૫ ટકા વિવેકાધીન સામાન્ય જોગવાઈના અનુદાન હેઠળ આ કામને મંજૂરી આપવામાં આવી છે. આમ, વીજળીકરણના આ કામથી ગ્રામજનોની સુખસુવિધામાં વધારો થશે.

# ભાણવડ તાલુકામાં એનિમિયા મુક્ત ભારત અંતર્ગત ખાસ કેમ્પ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૬

ભાણવડ તાલુકાના મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના મોખાણા પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે તાજેતરમાં મોડપર સરકારી શાળા ખાતે પી.એચ.સી. દ્વારા એનિમિયા મુક્ત ભારત અંતર્ગત ટી-૩ એટલે કે ટેસ્ટ, ટ્રિટ અને ટોક કેમ્પનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં કિશોર, કિશોરીઓ તથા અન્ય મળી, કુલ ૧૬૬ લાભાર્થીઓના હિમોગ્લોબિન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાથે અનેમિક દર્દીઓને જરૂરી સારવાર અનેયોગ્ય આહાર વિશે સમજ આપવામાં આવી હતી. આ ટેસ્ટ સ્થળ ઉપર જ કરી, તુરંત સારવાર અને આરોગ્ય સંબંધિત જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ માટે મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવીને કેમ્પને સફળ બનાવાયો હતો.

### પાણીના પુરવઠા અને માઈક્રોફાઈનાન્સની સમસ્યાઓને ઉકેલવા

# જીએચસીએલ ફાઉન્ડેશને એસએચજી અને ગ્રામ સમિતિઓની રચના કરી સ્ત્રીઓને આત્મનિર્ભર બનાવવા તેમનું સશક્તિકરણ કર્યું

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

ગુજરાતના શુષ્ક અને અર્ધ-શુષ્ક વિસ્તારોમાં આવેલા વિવિધ ગામડાંઓ માટે પીવાના પાણીની ઉપલબ્ધતા એ એક પ્રશ્ન છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈ સ્ત્રીઓના જીવનમાં પરિવર્તન લાવવા માટેના એક કેન્દ્રબિંદુ તરીકે જીએચસીએલની કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી (સીએસઆર) શાખાએ (જીએચસીએલ ફાઉન્ડેશ) તેના પ્લાન્ટના સ્થળની આસપાસ આવેલા ગામડાંઓમાં સ્ત્રીઓના જીવનને ઉન્નત બનાવવા માટે શ્રેણીબદ્ધ પહેલ શરૂ કરી છે. આ વિવિધ પહેલના ભાગરૂપે સામુદાયિક બેઠકો યોજી, ક્ષમતાનિર્માણ કરી અને સેલ્ફ હેલ્પ ગ્રૂપ (એસએચજી)ની રચનાને શક્ય બનાવી તથા ગામડાંની સ્ત્રીઓનું સશક્તિકરણ કર્યું હતું.

આવો જ એક કિસ્સો ગીર-સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકામાં આવેલા અલિધ્રા ગામનો છે, જ્યાં જીએચસીએલ નેશનલ રુરલ ડ્રિંકિંગ વોટર પ્રોગ્રામ (એનઆરડીડબ્લ્યુપી) હેઠળ પીવાના પાણીની યોજનાનું અમલીકરણ કરવામાં મદદરૂપ થયું છે.જીએચસીએલ ફાઉન્ડેશનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'નળ મારફતે પીવાના પાણીનીસીધી કનેક્ટિવિટી પૂરી પાડવી અને તે પણ ઘરેલું ઉપયોગ માટે એ આ ગામમાં ખૂબ મોટો પડકાર હતો.પાણીની કોઈપણ સમસ્યા સીધી સ્ત્રીઓના જીવનને પ્રભાવિત કરે છે.'

જીએચસીએલના પ્રેસિડેન્ટ અને સીઓઓ (સોડાએશ), એન. એન. રાડિયાએ જણાવ્યું હતું કે, 'આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે જીએચસીએલફાઉન્ડેશનના પ્રતિનિધિઓએ આ સમસ્યાને સમજવા ગામની સ્ત્રીઓ સાથે એક બેઠક યોજી હતી. શરૂઆતમાં ગામની સ્ત્રીઓ કંઈપણ વાત કરતાં ખચકાઈ રહી હતી પરંતુ મહિલા સરપંચે પ્રોત્સાહન આપતાં આખરે તેઓ જીએચસીએલને ગામમાં આ યોજનાનું અમલીકરણ કરવામાં મદદરૂપ થઈ.'

રાડિયાએ વધુ જણાવતા કહ્યું ''આ ગામની સ્ત્રીઓ, ''મહિલા પાણી સમિતિ''ની રચના કરવા માટે એકઠી થઈ અને પ્રોજેક્ટના કુલ ખર્ચના ૧૦%નું ભંડોળ એકઠું કર્યું તથા પાઈપલાઈનના નેટવર્કને નાંખવા માટેની તમામ કામગીરીનું તેમણે નિરીક્ષણ કર્યું અને આ કામગીરી તેમણે જાતે સંભાળી પણ લીધી.આ પ્રોજેકટનું અમલીકરણ કરતી વખતે જીએચસીએલ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓને ગામમાં સ્વચ્છતા સંબંધિત સુવિધાઓનો અભાવ વર્તાયો. એકવાર પાણીના નળના કનેકશનો લાગી ગયાં તે પછી જીએચસીએલ ફાઉન્ડેશને ફરી એકવાર ગામની મહિલાઓને એકઠી કરી, જેથી કરીને આ ગામને ઓપન ડીફેકશન-ફ્રી (ઓડીએફ) બનાવવા માટે ગામમાં શૌચાલયોનું નિર્માણ કરી શકાય.'' પોતાના પ્લાન્ટની આસપાસ આવેલા સ્થળોમાં શ્રેણીબદ્ધ પહેલ મારફતે ગ્રામ્ય સમુદાયોનું સશક્તિકરણ કરવું એ પણ જીએચસીએલ ફાઉન્ડેશનના કેન્દ્રમાં છે. એસએચજી ગ્રામ્ય વિસ્તારોમાં પરિવર્તન લાવવા માટે લાંબાગાળા સુધી ટકી રહેનારૂ મોડલ છે. છેલ્લાં ઘણાં વર્ષોથી જીએચસીએલ ફાઉન્ડેશન આવા એસએચજીની રચના કરવા માટે ગ્રામ્ય સમુદાયો સાથે ભેગા મળીને અવિરતપણે કામ કરી રહ્યું છે.

મહિલાઓના નેતૃત્ત્વ હેઠળનું આવું જ એક એસએચજી એટલે રામદેવપીર મહિલા વિકાસ મંડળ (આરએમવીએમ), જે ગીર-સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકામાં આવેલું છે. મહિલાઓ દ્વારા કરવામાં આવતી નાણાકીય બચતને સક્ષમ બનાવવાના હેતુ સાથે આરએમવીએમની શરૂઆત થઈ હતી અને આખરે આ એસએચજીનો વિકાસ સંચાલનના વિવિધ ક્ષેત્રોમાં થયો. આ ગામની મહિલાઓને ક્યારેય નાણાં બચત કરવાની ટેવ નહોતી. આ અંગે તેમને જાગૃત કરવા ઉપરાંત, બેંકમાં તેમના ખાતાઓ ખોલાવીને તેમનું નાણાકીય સમાવેશન કરવું એ તેમનામાં બચત કરવાની ટેવ કેળવવાની દિશામાં લેવામાં આવેલું પ્રથમ પગલું હતું. જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ પ્રયાસો બાદ નાની બચતની સાથે એસએચજીની શરૂઆત થઈ શકી હતી, જેણે આખરે માઈક્રો-લેન્ડિંગની કામગીરી શરૂ કરી હતી અને આજે તે ?૧.૦૪ લાખની સંચિત બચત ધરાવે છે.વર્ષ ૨૦૧૬માં તેની રચના થયાંથી છેલ્લાં કેટલાક વર્ષોમાં આ ભંડોળનો ઉપયોગ ઈમર્જન્સી ખર્ચાઓને પહોંચી વળવા માટે ગામના લોકોને ધિરાણ આપવા અને તેમને આર્થિક ટેકો પૂરો પાડવા માટે કરવામાં આવે છે. જીએચસીએલ ફાઉન્ડેશને કુશળ મહિલાઓ માટે ઘણી આંતરિક અને બાહ્ય સંપર્કની મુલાકાતો યોજે છે. આ ઉપરાંત, તેમના એસએચજીના સંચાલનને સુધારવા માટે તાલીમ પૂરી પાડી અને ઉદ્યોગસાહસિકતાનું કૌશલ્ય વિકસાવી જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા ક્ષમતા નિર્માણની શ્રેણીબદ્ધ પહેલ પણ હાથ ધરવામાં આવી હતી.

અમૂલ કેટલ-ફીડ ફેકટરી ખાતે આરએમવીએમની (એસએચજી) આવી જ એક સંપર્ક મુલાકાત યોજવામાં આવી હતી, જેના પછી સ્ત્રીઓ ગામમાં કેટલ-ફીડ સેન્ટર (પશુ-આહાર કેન્દ્ર)ની સ્થાપના કરવા માટે સક્રિય થઈ હતી. એસએચજીની મહિલા સભ્યો મુખ્યત્ત્વે પોતાની આજીવિકા માટે ખેતી પર નિર્ભર પરિવારોમાંથી આવે છે. જીએચસીએલ ફાઉન્ડેશને આ પહેલને સમર્થન પૂરું પાડ્યાં બાદ ઑગસ્ટ ૨૦૨૧થી આ કેન્દ્રનું સંચાલન શરૂ થઈ ગયું હતું. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં આ કેન્દ્રનું ટર્નઓવર રૂ. ૭.૦૬ લાખ હતું. પશુઓના ઘાસચારાના વ્યવસાયથી મહિલાઓને ઉદ્યોગસાહસિક બનવાનું પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે અને તેની સાથે-સાથે તેણે દૂધાળા પશુઓની ઉત્પાદકતા સુધારવામાં પણ મદદ થઈ છે. જીએચસીએલ ફાઉન્ડેશની મદદથી આરએમવીએમએ, ગ્રૂપના સભ્યો અને ગામની મહિલાઓમાં ફરીથી ઉપયોગમાં લઈ શકાતા સેનિટરી નેપ્કિનનું વિતરણ કરી માસિકધર્મ સંબંધિત સ્વચ્છતાનું મેનજમેન્ટ કરવાની પહેલ શરૂ કરી હતી, જે માસિકધર્મ સંબંધિત સ્વચ્છ અને સલામત વ્યવહારોને પ્રોત્સાહન આપવાની દિશામાં લેવામાં આવેલું એક સાર્થક પગલું છે.

